

# અધ્યાત્મ

વર્ષ : ૧૧ નવેમ્બર-૧૯૮૯ અંક : ૨

## * દીપોત્સવી ને નૂતનવર્ષની શુભકામનાઓ *

અધ્યાત્મનો નવેમ્બર, ૮૯ નો અંક ગ્રાહકો તેમ જ વાંચકોના હાથમાં આવશે ત્યારે વિક્રમ સંવત ૨૦૪૬ ના વર્ષનો પ્રારંભ થઇ ચૂકયો હશે. આથી નૂતનવર્ષ નિમિત્તે સહુને શુભકામનાઓ.

વેપારી ભાઇઓ માટે દીપોત્સવી એ ભલે આર્થિક સરવૈયાની ( Balance sheet ) તારવણીનું પર્વ રહ્યું; પરંતુ આત્મિક સાધકો માટે અધ્યાત્મ માર્ગે આગળ વધવાના નવા સંકલ્પોનું પર્વ બની રહો એ શુભકામના.

## * પૂ. માંશ્રી સર્વેશ્વરીના જન્મદિવસની ઉજવણી *


પ. પૂ. માશ્રી સર્વેશ્વરી હાલ વિદેશની યાત્રા પર હોવાથી તેઓનો ૪૬ મો જન્મદિન તા. ૧૨-૧૧-૮૯ ને રવિવારના રોજ (કેનેડાની તા. ૧૨ નવેમ્બર એટલે ભારતની તા. ૧૩ નવેમ્બર) શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર, ટોરન્ટો, કેનેડા તરફથી ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. સદર ઉજવણી કાર્યક્રમમાં ભાગ લેવા સહુ સાધક ભાઇબહેનોને ભાવભર્યું આમંત્રણ છે. કાર્યક્રમ નીચે પ્રમાણે રહેશેઃ-

પ્રાર્થના, પૂજન, ભજન, રાસ-ગરબા, પૂ. માનો વાર્તાલાપ અને ભોજન. સમય : બપોરે ૧ થી સાંજે ૬.

## * ખાસ નોંધ *

નવે. ૮૯ નો મહિનો પૂ. માશ્રી સર્વેશ્વરીનો જન્મનો મહિનો છે. તેથી આ અંકમાં પૂ. મા વિષેના લેખોનો વિશેષ સમાવેશ કરેલ છે.

—તંત્રી



પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી

## હે મા !

જ્યારે હું તને જ આદ્યશક્તિ રૂપે
જોઉં છું, ત્યારે હે મા,–
મારા હૃદયને સંભાળ.
એના ભાવો પર તું જ તારૂં
સામ્રાજ્ય સ્થાપ.
મારા જીવન પર
તું તારી જ
હકૂમત ચલાવ.

–આશા ભક્ત

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧

### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ [illegible] અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૩ |
| નવરાત્રિનો જપયજ્ઞ | મા શ્રી સર્વેશ્વરી | ૧૧ |
| વિદેશયાત્રામાં એક દિવસ | નારાયણ હ. જાની | ૧૪ |
| ગીતાધર્મ | લાભુભાઇ દવે | ૧૯ |
| પ્રાર્થના સંભળાઇ | વિશ્વનાથ જટાશંકર દવે | ૨૩ |
| મારી આધ્યાત્મિક જીવનયાત્રા | પ્રભુદાસ પટેલ | ૨૫ |
| સદ્ભાવભરી ભેટ | | ૨૯ |
| વાતો | 'પારસ' | ૩૨ |
| પરમ સમીપે (૫) | કલ્યાણ | ૩૩ |
| તેજાનંદ સ્વામી | કનૈયાલાલ ઝિંઝુવાડિયા | ૪૫ |
| પ્રેરક પ્રસંગ | પુનિત પદરેણુ | ૫૦ |
| હરિસ્મરણે મન રાખો | મધુરમ્ | ૫૫ |
| ચલ રે, સખી! | રણજિત પટેલ (અનામી) | ૫૬ |
| રામકથા | શ્રી યોગેશ્વરજી | ૫૭ |
| સંકલ્પ શક્તિ | કમલ સુથાર | ૬૦ |
| નામજપ યજ્ઞનું બિલિપત્ર | શિબિરાર્થી | ૬૩ |


# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી


વર્ષ : ૧૧ નવેમ્બર–૧૯૮૯ અંક : ૨


## શ્રી યોગેશ્વર કથામૃત

મા શ્રી સર્વેશ્વરી

ભાદરવા વદ નોમ ૨૦૩૬ ગાંધીજયંતિ તા. ૨–૧૦–૮૦

ગુરૂવાર

સિવિલ હોસ્પીટલનો સ્પે. વોર્ડ, ભાવનગર.

માતાજીની સ્થિતિ અર્ધબેભાનાવસ્થાની જેમ છે. તેમજ તે ચાલુ રહી હોવાથી ચાર ડોક્ટરો આવી ગયા. પણ કોઇ ફેરફાર નહિ. સાંજે ચાર વાગ્યા સુધી યથાવત્ સ્થિતિ રહી. રાત્રે ડો. ભટ્ટ, ડો. જાની, ડો. કોઠારી આવી ગયા, યથાવત્ સ્થિતિ રહી.

ડો. કોઠારી સાથે થોડીક ક્ષણો સત્સંગ થયો, જેમાં શરીરનાં દુ:ખોની વાત થઇ.

પૂ. શ્રી કહે છે, "શરીરનું યંત્ર કેવું છે! થોડું બગડે તો કેવો ઉપદ્રવ મચાવે છે?"

ડોક્ટરો દરરોજ લોહી, પરૂ વાઢકાપનું જ કામ કરતા હોય છે છતાં શરીરની મોહિની છૂટતી નથી.

સંસારમાં સૌ પ્રથમ વૈરાગ્ય જો કોઈને થવો જોઈએ તો તે ડોક્ટરને જ.

વ્યાધિ, પીડા, કેન્સર, રક્તપિત્ત, વળી અકસ્માતો થાય તે જોવાના, છતાં ડોક્ટરોને પણ શરીરનાં આકર્ષણો સતાવે છે.

એમ કહી અમેરિકામાં વસતા શ્રેષ્ઠ ભારતીય ડોક્ટરની શરીરમોહિનીની વાતો કરે છે.

વળી કહે છે,

ડોક્ટર હોય તે સંત જેવો હોય. ડોક્ટરનું કામ એટલે પરોપકારનું કામ. માનસિક, શારીરિક રાહત બધું જ ડોક્ટરો આપી શકે.

આજકાલ નાકથી ખોરાક આપવાનો હોય છે, જે ચાર ચાર કલાકે આપવાનો રહે છે. એથી રાત્રે અગિયાર વાગ્યાનો ખોરાક આપી આ નોંધ પૂરી થાય છે.

તે પછી પૂ. શ્રીને વાતો કરી. પૂ. શ્રી કહે : "એ વાતો તમારી ડાયરીમાં નોંધજો", તેથી નોંધ લખવી રહી.

આજે સાંજની મુલાકાતમાં ભક્તો આવે છે. તેમ આવ્યા હતા. તેમાં અમદાવાદ શિબિરમાં મળેલા એક વૃદ્ધ બેન જેનું શુભનામ પ્રભાબેન જાની હતું તે પણ આવ્યાં હતાં. એ બેનને મળવાની મારી પણ ઈચ્છા હતી. તેઓ રૂમમાં અંદર આવી ગયાં ને કહેવા લાગ્યાં, "સરોજબેન, તમોએ ખૂબ સારી સેવા ઉપાડી લીધી ને!"



ત્યારબાદ બહાર જતાં પહેલાં તેમણે કહ્યું કે, "હું હાર લાવી છું" મેં કહ્યું : "હું બહાર આવું છું."

થોડીવારે બહાર ગઈ ત્યાં તેમણે તેમના ડોક્ટર પુત્ર જાનીનાં પત્ની પાસે ફુલહાર મને અર્પણ કરાવ્યો.

મેં કહ્યું, "આપણે ઘણા વર્ષે મળ્યાં. મને એવી ખબર મળેલી કે આપની તબિયત સારી નથી."

શ્રી પ્રભાબેન કહે કે, "હા, અહીં પણ તમને મળવાની ઈચ્છા હતી. પણ મારા સંજોગો જ એવા હતા કે તમને ન મળી શકાયું."

મને અમદાવાદ શિબિરમાં થતું હતું કે તમે ખૂબ આગળ વધશો અને સાચે જ તમે હોસ્પિટલમાં પૂ. શ્રીની સેવામાં રહ્યાં ત્યારે ખૂબ આનંદ થયેલો. મારે પત્ર લખવો હતો પણ પત્ર લખવાની મના હતી એવું જાણેલું. હવે તો તમો ખૂબ ખૂબ આગળ વધો એવું જ ઈચ્છું છું.

મેં કહ્યું, "તમારા જેવા વડીલો આશીર્વાદ આપો જેથી હું આગળ વધી શકું."

શ્રી પ્રભાબેન કહે, "હવે તો તમે ઘણા આગળ વધી ગયાં છો. તમે તો અમને આશીર્વાદ આપો એટલાં આગળ વધ્યાં છો. અમે તો કશું કરતા નથી. અને તમે તો ?"

આટલી વાતચીત ચાલુ હતી ત્યાં જ માતાજીનાં અવાજથી કંઈક જરૂર પડશે એમ માની રૂમમાં દોડી આવી.

ત્રણ વર્ષ ઉપર મળેલાં એક વડીલ સાધકના અંતરમાં શિબિરાર્થી તરીકેના પ્રગટેલા ભાવો કેવા હતા તેનું પ્રતિબિંબ આ વ્યવહારમાં જોવા મળ્યું.

આટલી નોંધ પૂર્ણ કરું છું ત્યાં માતાજીની આવી સ્થિતિ જોતાં ડોક્ટરો ગ્લુકોઝનો બાટલો ચઢાવવાની વાતો કરે છે. રાત્રે એ કાર્ય ચાલુ રહ્યું.

પેશાબની તકલીફ દૂર કરવા નળી મૂકવાની આજ્ઞા પરમશક્તિએ આપી હતી, તે કષ્ટપ્રદ નથી એ એમણે જ કહેલું. અને સાચે જ પૂ. શ્રી કહેવા લાગ્યા, "જુઓ જગદંબાએ જે આજ્ઞા કરી તે કેટલી બધી કલ્યાણકારક બને છે."

રાત્રે પોણાબારે ગ્લુકોઝનો બાટલો માતાજીને આપ્યો. શ્રી બાલુભાઇ દોડીને સ્ટોરમાંથી લઇ આવ્યા. દરમ્યાન આજે ગુરૂવાર સાઇબાબાની સ્તુતિ બોલવાની પૂ. શ્રીએ શરૂ કરી. મેં એમાં મારો સૂર પૂરાવ્યો. આરતી ચાલતી હતી ત્યાંજ (માતાજીને રાત્રે બે-બે કલાકે ખોરાક આપવાની ડોક્ટરની સૂચના પ્રમાણે બાલુભાઇ દૂધ લેવા ગયા તે) બાલુભાઇ આવી ગયા. આરતી સાઇબાબાની પૂરી થઇ એટલે પૂ. શ્રી બારી ઉપર મૂકેલી નાનકડી સર્વમંગલ પુસ્તિકા લાવીને બાલુભાઇનાં હાથમાં મૂકી. રામકૃષ્ણદેવની સ્તુતિવાળું પાનું કાઢી આપ્યું. અમે ત્રણેય એ સ્તુતિ ગાઇ પણ પૂ. શ્રી અધ્યાત્મનો બારમો અંક લાવ્યા. જેમાં યોગેશ્વરજીની આરતી હતી. તે પાનું કાઢીને બાલુભાઇને ધર્યું, જેથી અમે આરતી શરૂ કરી. પૂ. શ્રી જુદા જુદા અભિનય કરતાં કરતાં રૂમમાં આંટા મારી રહ્યા છે. મેં મારો હાથ માતાજીના હાથને પકડવામાં રોક્યો હતો. પૂ. શ્રીનો અભિનય જોઇને આનંદ થતો હતો.

સત્સંગ સાથે આ સ્નેહમૂર્તિ સંતપુરુષ અભિનય સાથે પ્રસાદ પીરસી રહ્યા હતા. તે આરતી પૂરી થઇ. તે પછી 'આરતી' ભજન સંગ્રહમાંથી "જય અંબે માત ભવાની" અને



"તનનાં આ બારણાં બંધ કરીને, મનનાં દ્વાર ઉઘાડો" એ ગીત ગાયું અને સમજાવ્યું.

વળી, અમારા શ્રોતાવર્ગમાં શ્રી મણિભાઇ શાહ પણ આવીને બેસી ગયા હતા. તેઓ શાંતિનિકેતનના વિદ્યાર્થી છે, તેથી પૂ. શ્રીને દેવેન્દ્રનાથ સત્યાર્થીનો પ્રસંગ યાદ આવે છે.

પૂ. શ્રી કહે : "અમે મુંબઇ ભણતા, નાનકડા ૧૩-૧૪ વર્ષના હતા. શાળામાં એક મોટો સમારંભ હતો. તેમાં મુખ્ય મહેમાન શાંતિનિકેતન સાથે સંકળાયેલા શ્રી દેવેન્દ્રનાથ સત્યાર્થી હતા. સમારંભ શરૂ થયો. સ્વાગત માટે વિદ્યાર્થીઓ બેન્ડ લઇને દરવાજે ઊભા હતા. પણ મુખ્ય મહેમાન દેવેન્દ્રનાથ સત્યાર્થી મોડા આવીને ચૂપચાપ પાછળ ખુરશી ઉપર શ્રોતાગણ સાથે બેસી ગયેલા. મોડેથી અમારા પ્રિન્સીપાલે તેમને જોઇ લીધા. જેથી આગ્રહ કરીને સ્ટેજ ઉપર ગયા."

એવી એમની નમ્રતા આજે પણ યાદ આવે છે.

વળી પૂ. શ્રીએ બાલુભાઇ તરફ ફરીને કહ્યું, આપણાં પેલાં મહુવાનાં પોલીસમેન ચોકી કરનાર ખોડાભાઇ કેવી ધૂન બોલ્યા કરતા! પ્રભુસ્મરણ કર્યા કરતા તેનો પત્ર કોઇક કોઇક વાર મારી ઉપર આવે છે.

ગ્લુકોઝ પૂર્ણ થયો. રાત્રે એક વાગ્યે, ત્રણ વાગ્યે, છ વાગ્યે દવા ને ખોરાક નળીથી આપવામાં આવ્યો, એ રીતે રાત્રિ પસાર થઇ ગઇ.

**ભાદરવા વદ ૧૦, ૨૦૩૬, તા. ૩-૧૦-૮૦ ગુરૂવાર**

આજે પણ સવારથી જ પૂ. માતાજી અર્ધબેભાનાવસ્થામાં ચાલુ જ છે.

પૂ. શ્રી થોડા અસ્વસ્થ થઇ કહેવા લાગ્યા, "માતાજી મારી સાથે હિમાલયમાં રહ્યાં. ભાષા આવડે નહીં, એકલાં રહેવાનું. મારે ઉપવાસ કરવા હોય તો કોઇ દિવસ ના ન કહે. ઊલટુ ઉપવાસ પૂરા થાય ત્યારે પૂછે–"કામ પૂરું થયું? ન થયું હોય તો ચાલુ રાખો." કેવો સહયોગ! ઉપવાસ મારે હોય. હું એમને આગ્રહપૂર્વક બંને વખત રસોઇ કરીને ભોજન કરવાનું જ કહેતો."

મા જગદંબા એજ જાણે માતાજીનાં સ્વરૂપે આવી મને આ રીતે સહયોગ આપ્યો. નાનપણથી જ કષ્ટોમાંથી પસાર થયાં.

આટલાં વર્ષોમાં આ જ વરસે એમનું પ્રારબ્ધકર્મ એવું બળવાન કે એમને થોડો વિયોગ વેઠવો પડ્યો.

પણ હવે એમનું મન પવિત્ર ચોખ્ખું થઇ ગયું છે, તમારા ઉપર પણ અંતઃકરણનો પ્રેમ પ્રગટ કરવા લાગ્યાં છે. વિગેરે.

આખો દિવસ જીવનમરણ સામે ઝઝૂમી રહ્યાં છે. ડોક્ટરો આવીને જાય છે.

એક્ષ–રે, કાર્ડિયોગ્રામ આજે લેવામાં આવે છે. સ્ટ્રેચર ઉપર અમે સૌ એક્ષ–રે રૂમમાં તેમને લઇ ગયાં. બપોરે સવા વાગ્યે રૂમમાં પાછાં આવી ગયાં.

તે દરમ્યાન પૂ. શ્રી પોતે રૂમમાં એકલા જ રહ્યા. એક્ષ–રે રૂમમાંથી આવીને જોઉં છું, તો ટેબલ ઉપર એક કાગળ ઉપર જગદંબાનો સંદેશો વાંચું છું.

"ઉપાય સઘળા કરો, હવે વધારે સુધારો નહિ થાય. હવે વધારે આયુ નથી. છેલ્લા દિવસો છે. ઈશ્વરસ્મરણ કરશે ને વિદાય લેશે. હવે વધારે દિવસો નથી. હમણાં અહીં જ રહો."
તા. ૩–૧૦–૮૦ સવારે ૧૧ કલાકે.



એક્ષ–રેમાંથી આવ્યા બાદ ડ્રેસીંગ કરાવ્યું, પથારી સાફ કરાવી. માતાજીની અર્ધબેભાન અવસ્થા સાથે સતત તાવ ચાલુ રહ્યો. બપોરે ત્રણ વાગ્યે ગ્લુકોઝ અને પછી લોહી આપવાની યોજના આવી. ત્રણ વાગ્યે ગ્લુકોઝ આપ્યો પણ ડો. ગાંધીની સૂચના મુજબ તાવવાળા દર્દીને તે ન આપી શકાય. એથી તે કાઢી લીધો.

નિયમિત રીતે સવારે ૬ વાગ્યે, સવારે ૧૦ વાગ્યે, બપોરે ૨ વાગ્યે, સાંજે ૬ વાગ્યે, રાત્રે દશ વાગ્યે આ રીતે માતાજીને ખોરાક અને દવા નળીવાટે આપવામાં આવે છે.

ડો. જાની, ડો. ભટ્ટ, ડો. કોઠારી દરરોજની જેમ માતાજીની મુલાકાત લે છે. ગઇકાલ કરતાં આજે સ્થિતિ ઘણી બગડી છે. વળી, સિવિલ સર્જન ડો. ગઢવી આવે છે. ડો. ગાંધી પણ આવીને કહે છે, "સ્થિતિ બહુ સંતોષકારક નથી." તેઓ છેલ્લા બે દિવસથી આ શબ્દો વાપરે છે. પ્રભુનું ધાર્યું થશે.

બધા જ ડોક્ટરોની વિઝીટ પછી રાતે અમે દૂધ વિ. લઇએ છીએ. ત્યારબાદ પૂ. શ્રી ફરી એક કાગળ ને પેન માંગે છે. પરમશક્તિ શું ઇચ્છે છે તે જાણવું છે. તો પરમશક્તિ પૂ. શ્રીને સૂચન કરે છે:–

"માતાજીનું શરીર રહેશે નહીં. દશ પહેલાં શાંત થશે. અહીં હવે વધારે વખત સુધી નથી. થોડાક દિવસનો જ સવાલ છે. છ તારીખ માંડ કાઢશે. પાંચ પણ વધારે છે. એમને માટે હાલ ઉતારા પર નથી જવું. અહીં જ બરાબર છે. એમની સદ્ગતિ

થઇ છે. મારામાં મળી જશે. મળી ગયાં છે. મારું જ સ્વરૂપ છે. તમને મદદરૂપ થવા આવ્યાં છે હવે એ કાર્ય પૂરું થયું છે."

આ સંદેશ મેં વાંચ્યો. હંમેશની જેમ એ સંદેશામાં થોડો વિશ્વાસ મેં વ્યક્ત કર્યો.

રાતે સતત ૩–૪ ડીગ્રી તાવ રહ્યો. જેથી રાતે ૧૦ થી ૧૧, સવારે ૩ થી ૪ કોલનવોટરનાં પોતાં મૂક્યાં. રાતે ૧૨ વાગ્યે દવા, સાડા બારે ઇન્જેક્શન, બે વાગ્યે ખોરાક ને છ વાગ્યે નળીથી ખોરાક ને દવા આપવામાં આવી.

ગઇકાલ બપોરથી શ્વાસની ગતિમાં બગાડો સ્પષ્ટ જણાયો છે. આખી રાત સતત તાવમાં માતાજી અર્ધબેભાન રહે છે. હરિ ૐ

(ક્રમશ:)

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭.



# નવરાત્રિનો જપયજ્ઞ

મા સર્વેશ્વરી

જીવનશુદ્ધિ વગર આધ્યાત્મિક માર્ગે આગળ વધી શકાતું નથી. ભગવાનના નામનો જપ, જીવનને શુદ્ધ કરવામાં ઘણો મોટો ફાળો આપે છે. એટલે એ પાયાની વાત થઇ.

ગત નવરાત્રિ દરમ્યાન ભાઇશ્રી અજયભાઇ કલોલાના સંચાલન નીચે નવ દિવસનો સમૂહ જપયજ્ઞ, તેમજ સત્સંગ સાથે શ્રમયજ્ઞનો કાર્યક્રમ અંબાજી ખાતેના સ્વર્ગારોહણમાં યોજાયો. પૂ. મા તેમાં ચાર દિવસ ઉપસ્થિત રહ્યાં. તા. ૨–૧૦–૮૯ ના રોજ તેઓ અમદાવાદ પધાર્યા. તે દરમ્યાન તેઓએ સાધકોને ઘણો આનંદ કરાવ્યો.

તા. ૨–૧૦–૮૯ ના રોજ પૂ. માએ આયોજક અને શિબિરાર્થી ભાઇબહેનોને ઉદ્દેશી જે પત્ર લખેલો, તે સર્વે સાધકભાઇ બહેનોને ઉપયોગી બની રહે એવો છે. તેથી તે અત્રે મૂકવામાં આવ્યો છે. વાંચકોને તે ગમશે.

તંત્રી

સાધક ભાઇ/બ્હેનો,

કુશળ હશો. અમે કુશળતાથી અમદાવાદ આવી ગયા છીએ. ગઇકાલે અમારી વિદાયપછી તમે સૌએ તમારી રીતે સમયપત્રક મુજબ કામ ચાલુ રાખ્યું હશે. જ્યાં જવું છે ત્યાં આપણે આપણા પગથી જ ચાલીને જવું પડશે. હા, કોઇક

આપણને બેટરી ધરનારૂં મળી જશે. જેથી રસ્તો દેખાશે પણ ચાલવું તો આપણે જ પડશે. હજી આપણી પાસે ૫–૬ દિવસ છે એ દિવસોમાં નિયમિત રીતે ભલે મશીન જેવું પણ. ટાઈમટેબલ પ્રમાણેનું કામ કરવા પ્રયત્ન કરજો. જેથી થોડું અંતર તો કપાશે.

સ્વર્ગારોહણના દેવપુરુષ શ્રી બાલાજી અને વિમળાબેન તમને સૌને વ્યક્તિગતરીતે માતાપિતા બનીને પ્રેમ આપી રહ્યાં છે. કાળજી રાખી રહ્યાં છે. તેઓ પણ તમે નિયમિત જે કામ માટે આવ્યા છો તેમાં જોડાયેલા રહો તેવું ઇચ્છે છે. તો જરૂર કાર્યક્રમને વફાદાર રહી, થોડો ઘણો ફેરફાર કરવો ઘટે તો કરી અંતિમ દિવસ સુધી કાર્યક્રમ ચાલુ રાખજો.

મા તમને છોડીને ક્યાંય ગયાં નથી. તમારા જીવનનાં બારી–બારણાં ખુલ્લાં રાખજો જેથી માને ઠરવાનું ઠામ મળે. તમે બધાજ એક પવિત્ર કાર્યમાં જોડાવા માટે આવ્યા છો તેમાં મનને લગાડજો. અંબાજી છોડ્યું ત્યારથી તમારી સાથે જ છું. જોવા અને અનુભવવા પ્રયત્ન કરજો. ખૂબ ખૂબ પ્રેમ સાથે માનો વ્હાલભર્યો હાથ તમારા સૌના મસ્તક ઉપર ફરી રહ્યો છે. તમારે અનુભવવા પ્રયત્ન કરવો. અમે અમારૂ કર્તવ્ય બજાવીએ છીએ. હાથ ફેરવવાનું, તમે તમારૂં કર્તવ્ય બજાવજો અનુભવ કરવાનું, ને અનુભવ માટેની પાત્રતા વધારવાનું. ફરીથી અમે તમને મળીએ ત્યાં સુધી પ્રભુ પ્રેમમાં મસ્ત થાવ. પ્રભુના કામમાં મગ્ન બનવા પ્રયત્ન કરજો.

તમે બધા જુદા જુદા શહેરોમાં, જુદા જુદા ઘરોમાંથી, જુદા જુદા સંસ્કારો લઈને, જુદી જુદી યોનિમાંથી અહીં પ્રભુના સાન્નિધ્યે ભેગા થવા બેઠા છો. તમે બધા પવિત્રતાના સાગર,



પ્રભુના નાના નાના દિવ્ય તરંગો છો. એ તરંગોથી જ પ્રેમનો સાગર શોભે છે. એ તરંગ પોતાની વ્યક્તિગત સામગ્રીને પરમાત્માના પરમ સાગરમાં ભેળવવાના પ્રયત્ન કરશે. એજ એની સાધના બની જશે.

ઘણું લખાવ્યું, વાંચીને યાદ રાખો તો પણ ઘણું છે. સૌને ખૂબ ખૂબ પ્રેમભર્યા પ્રભુસ્મરણ. જ્યારે પણ વખત મળે ત્યારે લેવાય તો નિયમ લેજો કે પ્રભુને પ્રણામ કરવા જરૂરથી બે ત્રણ મહિને એકવાર તો—અરે મહિનામાં એકવાર જરૂર આવીશ. વિચારીને નિયમ લેજો. પળાય તો નિયમ પાળજો ફરીથી અમારા સેવાભાવી એ નામ, દેવને પણ શરમાવે એવું દુર્લભ કાર્ય કરી રહેલા શ્રી બાલાજી અને શ્રી વિમળાદેવીને પ્રભુ ખૂબ ખૂબ શક્તિ આપે, તંદુરસ્તી આપે, સ્વસ્થ મન, અંતર આપે એવી પ્રાર્થના કરું છું.

સૌના ઉપર પ્રભુના આશીર્વાદ ઉતરો. આ સાથે પ્રસાદ મોકલું છું, બધા ખાજો પ્રેમથી.

**શ્રી યોગેશ્વર ચરણરજ**
**તમારા સૌની**
**મા**

### દોહરા

સુખ માયાનું બાણ છે, દુઃખ માયાનું રૂપ;
ચેતી શકે તો ચેતજે, નહિ તો છે ભવકૂપ.
સુખ લેવા જો જાઓ તો, આદિ અંતમાં દુઃખ;
પ્રાપ્તિ જેની વિનાશી તે, અનિચ્છાજ સત્સુખ.

પ. પૂ. માશ્રી સર્વેશ્વરી સાથે

# વિદેશયાત્રામાં એક દિવસ

નારાયણ હ. જાની

[પ્રભુની તેમજ પૂ. ગુરુદેવની કૃપાથી ગયા વર્ષે મારે તેમજ મારાં પત્નીને મા સાથે અમેરિકા, કેનેડા તેમજ ઇંગ્લેન્ડની ચાર માસની યાત્રાએ જવાનું થયું. અમારા જીવનનો એ સર્વશ્રેષ્ઠ ગાળો બની ગયો.

અહીં અમારી વિદેશ–યાત્રાની નોંધોમાંથી જે એક દિવસની નોંધ આપવામાં આવી છે, તે તા. ૨૦–૬–૮૮ ની છે. તે વખતે પ. પૂ. માશ્રી સર્વેશ્વરી લોસ એન્જેલેસના સાન્ટાઆનામાં શ્રી ભગવાનજીભાઇ ને શ્રી કંચનબેન ભક્તને ત્યાં હતાં. ત્યાં અમે ગાળેલા ૪૫ દિવસોનો હર દિવસ સત્સંગનો હતો.

આ દિવસોમાં પૂ. મા સાથે અમે આખો દિવસ તો રહી શકતા નહિ, પરંતુ સત્સંગ કે મુલાકાતનો જે સમય હોય તેમાં હાજર રહી શકાતું. અથવા કહો કે પૂ. મા સામેથી અનુગ્રહ કરી કદીક કદીક અમારી વચ્ચે પ્રસન્ન વદને આવી ચડતાં ને અમોને હસાવીને ખૂબ હળવાં કરી મૂકતાં. સાથે સાથે ઉંચી આધ્યાત્મિક સમજ એમના શ્રીમુખેથી સાંભળવા મળતી. તેની ઝલક આ નોંધમાં છે. સહુને તે ગમશે; એમ માનું છું.]

શ્રી કંચનબેનના ભાઇ શ્રી સન્મુખભાઇ ભક્ત બીલોક્ષીથી પૂ. માના સત્સંગ માટે આવ્યા છે. બીલોક્ષી અહીંથી લગભગ



૨૦૦૦ માઇલ કરતાં વધુ દૂર છે ને ઘણો ખર્ચ કરી વિમાનમાં આવવું પડે. પરંતુ ભાવના હોય ને આર્થિક પહોંચ હોય તો વ્યક્તિ ગમે તેટલું આર્થિક ખર્ચ કરીને, કે કષ્ટ વેઠીને પહોંચી જાય છે. પૈસાનો ખર્ચ અને કષ્ટ ગૌણ બની જાય છે.

શ્રી સન્મુખભાઇ સાથે અમે પૂ. માના તપ વિષે વાત કરીએ છીએ. તેઓ જીજ્ઞાસાથી બધુ જાણવા માગે છે. જે લોકો એક ટંકની ભૂખ ન વેઠી શકતા હોય તેમને ૧૫૫૦ કરતાં વધુ દિવસોના ઉપવાસો–સંપૂર્ણ અન્નત્યાગની વાત જલ્દી ગળે ન ઉતરે તે સ્વાભાવિક છે. આવી વાતો કેવળ ચર્ચાથી કે કોઇના કહેવાથી ન સમજાય. જે વ્યક્તિ તપ કરે છે તેની પાસે પહોંચી જાઓ, એના સ્વમુખે તમે બધી હકીકત જાણો તો તમને પ્રતીતિ થાય. જો થોડીય શ્રદ્ધા હોય તો. બાકી જેને શ્રદ્ધાજ નથી તેને તમે ગમે તેટલું કહેશો તોપણ તેને ગળે વાત ઉતરવાની નહિ તે નહિ જ. અરે! આપણે પણ એવી વાતો એને ગળે ઉતરાવવાનો આગ્રહ રાખવાની શી જરૂર છે? એમના અભિપ્રાયો કે પ્રમાણપત્રોની તો કોઇ અપેક્ષા છેજ નહિ. પછી એવો વૃથા પરિશ્રમ કરવાની આવશ્યકતા નથી.

શ્રી સન્મુખભાઇ શ્રદ્ધાળુ છે–ભલે તેઓ રોજીંદા જીવનમાં પ્રભુપંથના માર્ગે પ્રયાણ કરવા માટે જરૂરી એવી સાધનાત્મક પ્રવૃત્તિ ન કરતા હોય. છતાં એમના સ્વર્ગસ્થ ધાર્મિક પિતા તેમજ પૂ. માના કૌટુમ્બિક ધાર્મિક સંસ્કારો એમના બાળપણમાં પડેલા છે, તે થોડા પુરુષાર્થથી જાગ્રત થાય એમ છે.

આજે પૂ. મા એમને વ્યક્તિગત સમય આપી શક્યાં ન હોવાથી અચાનક શ્રી ભગવાનજીભાઇના ઘરમાં આવી જાય

છે. એ જોઇ અમો સહુને આનંદ થાય છે. પૂ. મા શ્રી સન્મુખભાઇને પૂછે છે કંઇ પૂછવું છે?

પછી પૂ. મા પોતે જ પોતાને થતાં દિવ્ય દર્શનોની વાત કરે છે; જે આ પ્રમાણે છે:–

"પ્રભુના માર્ગે જો કોઇ સાચી નિષ્ઠાથી પગલાં ભરે, પુરુષાર્થ કરે તો તેને કદી નિરાશ થવું પડતું નથી. તેને તેની મહેનતનું ફળ મળી રહે છે. આ માર્ગે તપનાર સાધકને પહેલાં પ્રભુનાં કે સંત મહાત્માઓનાં સ્વપ્નમાં દર્શન થાય છે. પછી જેમ જેમ ભૂમિકા બંધાતી જાય તેમ ધ્યાનમાં દર્શન થવા માંડે છે. પછી ખુલ્લી આંખે દર્શન થાય છે. તે પછી વાતચીત પણ થાય, શબ્દો સ્પષ્ટ સંભળાય. કોઇવાર કોઇ મહાપુરુષનું દર્શન થાય અને આપણે ઓળખતા ન હોઇએ તો આપણા અંતરમાં સ્ફુરણા દ્વારા પ્રભુ જણાવે કે એ મહાપુરુષ કોણ છે.

આ પછીનો તબક્કો છે તે વાતચીત અને પરસ્પર સ્પર્શનો, પ્રત્યક્ષ આશીર્વાદનો. એનાથી આગળની ભૂમિકા ઘણી ઊંચી છે અને તે છે સાધક ઇચ્છે ત્યારે ઇષ્ટ કે પ્રભુનું દર્શન, વાતચીત ને માર્ગદર્શનની. આ કક્ષાએ કોઇ વિરલ પુરુષો પહોંચતા હોય છે. બાકી તો એકાદવાર પ્રભુનું દર્શન થાય એટલે જ સાધક સંતુષ્ઠ બનીને સંતૃપ્ત થઇ બેસી જાય છે. એમાં પણ જે સાધનાત્મક ક્ષેત્રે ઉંચી ભૂમિકાઓ છે ત્યાં પહોંચવાનો એ પ્રયાસ કરતો નથી. એટલે આટલી પ્રગતિથી જ તે સંતોષનો ઓડકાર ખાઇ લે છે.

પરંતુ એવા મહાપુરુષો કોઇક જ જોવા મળે કે જેઓ આધ્યાત્મિક વિકાસની સર્વોચ્ચ સીડીના છેલ્લા પગથિયા સુધી



પહોંચવા પ્રયત્નો કરે ને પહોંચી જાય. અમારા ગુરુદેવ પ. પૂ. શ્રી યોગેશ્વરજી આવી વિરલ સ્થિતિએ પહોંચેલા મહાપુરુષ હતા."

છેવટે પૂ. મા ઉમેરે છે કે હજી અમે તો શરૂઆતનાં પગથિયે છીએ. જો કે એકવાર પૂ. ગુરુદેવનું સંપૂર્ણ જાગૃતિમાં સ્થૂલ સ્વરૂપે અમને દર્શન થયું છે. વાતચીત થઇ નથી.

સાધનાત્મક ક્ષેત્રે પૂ. માની સમજ કેટલી બધી સુસ્પષ્ટ છે, તેની ઝાંખી સહુ સાંભળનારાઓને થઇ. અમને થયું કે અમે તો હજી પહેલે પગથિયે પણ પગ માંડ્યો નથી તો ઉર્ધ્વ વિકાસની એ કેડીના સર્વોચ્ચ શિખરે પહોંચતાં તો અમારે કેટલાં વર્ષો નહિ પરંતુ કેટલા જન્મો જોઇશે? એ વિચારે હું સ્તબ્ધ બનું છું.

પૂ. મા આજે રામાયણના પારાયણ પછી શ્રી છગનભાઇ ભક્તને મળવા પુન: બેઠકમાં પધારે છે ને તેમના દ્વારા ભક્ત સમાજના માણસોને મદદરૂપ થવા જે પ્રવૃત્તિ થતી રહે છે, તેને બીરદાવે છે. પૂ. માનો સ્વભાવ છે કે જે સારું છે તેને હંમેશાં પ્રોત્સાહિત કરતાં રહેવું. શ્રી છગનભાઇ પૂ. માને જણાવે છે કે અહીં જન્મીને મોટા થયેલા જે છોકરાઓ છે, તેમને ગુજરાતી ભાષા બરાબર આવડતી ન હોય તો તેમને માટે ભક્ત સમાજમાં ગવાતાં ભજનોને અંગ્રેજીભાષામાં લિપિબદ્ધ કરવામાં આવ્યાં છે. પૂ. માને એવી એક પુસ્તિકા પણ ભેટ આપે છે. શ્રી છગનભાઇ ભક્ત ભારતીયોના મૂળ સંસ્કારો સચવાઇ રહે તે માટે ખૂબ ચિંતિત ને પ્રયત્નશીલ છે. કબીર મંદિરની રચનાની પાછળ પણ એવોજ ભાવ રહેલો છે કે ઉગતી પેઢીના ધાર્મિક સંસ્કારોના પોષણમાં તે મદદરૂપ

થાય.

જે છોકરાઓ ભજન ગાઇ શકતા હોય તેમને પ્રોત્સાહિત કરવાનું પણ પૂ. મા જણાવે છે.

શ્રી છગનભાઇ ભક્તનું એક બીજુ સૂચન છે કે આપની સાધના અંગે યુવકો કે યુવતીઓ કંઇ જાણવા માગતી હોય તો તેઓને આપ જવાબ આપો.

પૂ. માએ તુરત જ જણાવ્યું કે જરૂર, મને એથી આનંદ થશે.

## ચણોઠી

**ધૂની માંડલિયા**

સને ૧૯૪૩ ની ૩ જી ફેબ્રુઆરીએ મહાયુદ્ધમાં 'ડોર્ચેસ્ટર' નામે અમેરિકન જહાજને ઉત્તર એટલાન્ટિકમાં ટોર્પિડો વાગી ને તે ડૂબવા લાગ્યું. (જ્યોર્જ ફોક્સ, એલેક્સ ગુડે, ક્લાર્ક પોલિંગ અને જોન વોશિંગ્ટન) એ પોતાના લાઇફ બેલ્ટ (જીવન બચાવવા માટે પહેરાતા પટ્ટા) બીજાઓને આપી દઇ પોતે ચારેએ આંકડા ભીડીને એકસાથે સ્વેચ્છાએ જળ સમાધિ લીધી.

પરહિતાર્થે આપભોગ આપી અમર બનેલા એ વીર પાદરીઓના સ્મરણમાં અમેરિકાએ એમની ખાસ છબીઓવાળી ટિકિટો પણ કાઢી હતી.



# ગીતાધર્મ

**શ્રી લાભુભાઇ દવે**

આપણે પણ પવાલું લાવનાર બાળક જેવા જ છીએ. બાળક કોના ઈશારે પવાલું લાવ્યું? છતાં અભિમાન કરે કે હું પવાલું લાવ્યું, તો તે બંધનમાં બંધાય, પણ જો કહે કે, "પવાલું તો તમારી ઇચ્છા પ્રમાણે લાવવામાં આવ્યું તો બધી જવાબદારી તમારી." ખરૂ કે નહિ! નથી લાગતું કે ઈશ્વર પણ આપણને આ રીતે હસતો હશે!

હવે આજ બાળક શાળામાં જાય (પૃથ્વી ઉપર) ત્યાં તેણે પોતાનો અભ્યાસ કરવાનો છે, આ અભ્યાસ એટલે કર્તવ્ય! શાળામાં ગયો, કારણ માતા તથા પિતાની ઇચ્છા હતી. બાળક પોતે તો શાળા વિષે કશુંજ જાણતું ન હતું. કોઇ પૂછે, દીકરા શાળામાં કેમ આવ્યો? તો કહેશે મારા પિતાજીએ કહ્યું માટે. વાત પતી ગઇ. જવાબદારી પિતાની. હવે બાળકનું કર્તવ્ય છે અભ્યાસ કરે, હવે તે જો બરાબર અભ્યાસ કરશે તો તેના શિક્ષક (દેવદૂતો) તેમની શાળાના આચાર્ય (ઈશ્વર)ને વાત કરશે, આચાર્યને પણ તે બાળકની પ્રગતિનો ખ્યાલ હોય જ, તેથી તેને સમયે શાબાશી આપી પુરસ્કાર આપશે. (જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, દર્શન) ચોક્કસ આપશે, કારણ આચાર્યને પોતાની શાળાની ચિંતા છે, પોતાની જવાબદારીનો ખ્યાલ છે.

હવે આ બાળક અભ્યાસ ન કરે તો શિક્ષક ગુસ્સામાં (યમદૂતો) તેને વારંવાર કડક સૂચના આપશે. થોડીક સજા પણ

કરશે, અને છેવટે આચાર્ય પાસે મોકલશે, જ્યાં આચાર્ય તેને ભણવાની તક મળે તેવા પ્રયત્ન કરી આપશે અને છતાં પણ જો બાળક નજ માને તો કડક સજા કરશે.

આપણે પણ આ બાળકરૂપે છીએ, આ પ્રતીક આપણે જ છીએ. આપણા પિતા ભગવાન શિવે તથા માતા જગદંબા, ભવાની, શિવાનીએ આપણને આ પૃથ્વીરૂપી શાળામાં તેમની ઈચ્છાથી મોકલ્યા છે. તેઓ જેમ મૂકી ગયા છે તેમ શાળાનો સમય પૂરો થતાં લેવા પણ આવશે, જ્યાંથી આવ્યા ત્યાંથી જવાના. આ સમય દરમ્યાન આપણે આપણો અભ્યાસ કરવાનો છે, અને આ અભ્યાસ એટલે ભગવાનની ભક્તિ! આપણે ગમે તે નામે ભગવાનને ઓળખતા હોઈએ, તે નામે તેની ભક્તિ કરવાની. રામ કહો, શિવજી કહો, કૃષ્ણ કહો, રાધા કહો, ક્રાઈસ્ટ કહો, અલ્લાહ કહો, મહાવીર કહો, ગોડ કહો ગમે તે નામે પોકારો. ગમે તે રૂપે ઓળખો. પરંતુ તેને ભજો, તેને પોકારો, તેની ભક્તિ કરો, તેનો અભ્યાસ કરો. આ અભ્યાસ માટેનો "પિરીયડ" છે જન્મથી મૃત્યુની ઘડી સુધીનો. એટલા સમય દરમ્યાન જ કર્તવ્યના, રામનામના પાઠ ભણી લેવાના. જો ન ભણ્યા તો ગયા કામથી. પેલા ઠોઠ વિદ્યાર્થીની જેમ પ્રિન્સીપાલ (ઈશ્વર) નારાજ થવાના.

અને કુદરતના કાયદા જરાપણ બદલાતા નથી. શાળાના કાયદા વારંવાર બદલાય તો વ્યવસ્થા ન જળવાય. કાયદા આપણા કલ્યાણ માટે છે. રસ્તા ઉપર ડાબી બાજુ ચાલવાનો કાયદો નિયમ છે. હવે આ નિયમનું પાલન ન કરીએ તો અકસ્માતમાં સપડાવું પડે. આમાં કાયદો બનાવનારાનો દોષ કેટલો?



હવે બાળક પૂછે કે ભગવાનને જુદાં જુદાં નામે કેમ બોલાવો છો? તો ઘરમાં આપણા પિતા છે, તે આપણા પિતા છે, આપણી માતાના પતિ છે, આપણા કાકાના ભાઈ છે, મામાના બનેવી છે, આપણા બાજુવાળાના મિત્ર છે, આપણા નોકરના શેઠ છે, હવે આ દરેક વ્યક્તિ તેમને પિતા, પતિ, ભાઈ, બનેવી, મિત્ર, શેઠ, આવાં નામોથી સંબોધવાના, છતાં વ્યક્તિ બદલાવાની નથી. તે અલગ અલગ નામોમાં એકજ વ્યક્તિ છે, "આપણા પિતા!" બસ, આ જગતમાં પણ ઈશ્વરને બધા ધર્મના લોકો પોતપોતાની રીતે અલગ અલગ રીતે બોલાવે છે, પરંતુ એતો છે એકજ, અને એ છે–'આપણા પિતા!'

હવે ભક્તિરૂપી અભ્યાસ માટે પણ થોડાક નિયમો ટાઈમટેબલ જરૂરી છે, જેમ વાંચવા બેસીએ ત્યારે મન ભટકતું હોય તો અભ્યાસ બરાબર ન થાય. તેથી મનને શાંત કરવા પ્રયત્ન કરવો પડે. ભક્તિમાં પણ આવું જ છે. ભટકતા મને પ્રભુના નામનો જાપ કરવાથી ખાસ પ્રગતિ ન થાય. છતાં પ્રભુ અત્યંત દયાળુ છે. રામ, રામ, રટે જાઓ, ભલે યંત્રવિત્ રટે જાઓ. તે જાણે છે કે આ બાળક જરા રખડેલ છે, જરા મંદબુદ્ધિનું છે. તેના મગજમાં જરા ગડબડ છે તેથી બિચારાને બરાબર યાદ રહેતું નથી, તેથી તે આપણને અભ્યાસમાં મદદરૂપ થવા પ્રયત્ન કરશે. આપણને 'ગાઈડ' (ગુરુ) લાવી આપશે, બે થપ્પડ પણ મારશે. પરંતુ પ્રગતિમાં રુકાવટ નહીં આવે. અને એક દિવસ આપણે પાસ થવાના. ઈશ્વરનાં દર્શન થવાનાં. પરંતુ પ્રયત્ન તો કરવા જ પડે, જેમ અગ્નિમાં અજાણતાં હાથ પડે તો પણ દઝાય છે, તેમ ભગવાનનું નામ અજાણતાં પણ

લેવાથી કલ્યાણ થાય છે, આ માટે પેલા શિવરાત્રિવાળા ભીલનું ઉદાહરણ બરાબર છે. ઠંડીથી ઠુંઠવાતો બિચારો દાંત કચકચાવતો "શિવ શિવ શિવ શિવ!" કરતો હતો, તેના મનમાંય 'શિવ' ન હતા, તેનું ધ્યાન તો પેલાં હરણાંમાં, અને તેમના શિકારમાં હતું. છતાં ભોળાનાથ, શિવજી પ્રગટ્યા, ભીલને દર્શન દીધાં. તો આપણે તો પ્રેમથી પાસ થવા માટે તેમને પામવા માટે, જાણી જોઈને, તેમનામાં મન પરોવવાનો પ્રયત્ન કરી તેમને ભજીએ છીએ. તો શા માટે ન આવે? આવેજ. એતો ખૂબ દયાળુ છે. પેલા ઠોઠ બાળકને મદદ કરે તો આપણને શા માટે ન કરે? કરેજ. પેલા હાથીની મદદે ગરુડે ચડીને આવેલા, પ્રાણીમાટે આવેલા, તો આપણે તો માણસ છીએ. આપણે માટે શું કામ ન આવે? આવેજ. એ માટે શ્રદ્ધા રાખવાની. આપણી પોતાની જાતમાં. આપણે જે નામ કે મંત્ર જપીએ છીએ એમાં, તેમજ જેનો મંત્ર જપીએ છીએ એની શક્તિમાં, આટલું જો ભેગું થાય તો આપણું કામ થઈ ગયું, એમ સમજજો.

(ક્રમશઃ)

**અંબાજીમાં ક્યાં ઉતરશો?**
" સ્વર્ગારોહણ "
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, **અંબાજી**. ટે. નં. ૧૬૯
(ઉ.ગુ.) ૩૮૫૧૧૦



# પ્રાર્થના સંભળાઈ

વિશ્વનાથ જટાશંકર દવે

ઘણા સમયથી મારો મોટો દીકરો મને લંડન આવવા કહેતો હતો, પરન્તુ અસ્વસ્થ તબીયતને લીધે, અવારનવાર મુલ્તવી રાખવું પડતું હતું. છેવટે તેમના તરફથી સ્પોન્સર લેટર અને રીટર્ન ટીકીટ આવી. સંગાતે કોઈ હોય તોજ જઈ શકાય. પ્રભુકૃપાથી એ પણ બંદોબસ્ત થઈ ગયો. તા. ૫–૭–૧૯૮૯ ની રાતે લંડન જવાનું નક્કી થયું.

મારી ઈચ્છા હતી કે લંડન જતાં પહેલાં પૂજ્ય માનાં દર્શન કરવાં. તેથી હું અમદાવાદ મારી દીકરી દમયંતીને ત્યાં ગયો. પરંતુ જાણવા મળ્યું કે પૂજ્ય મા તો કોઈ અજ્ઞાત સ્થળે મૌનમાં છે. મને મનમાં બહુ જ દુઃખ થયું. અને લાગ્યું કે મારા ભાગ્યમાં લંડન જતાં પહેલાં પૂજ્ય માનાં દર્શન લખાયાં નથી. તેથી તા. ૨૬–૬–૮૯ ને સોમવારના રોજ સત્યપથમાં પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય માને ફુલહાર ચઢાવી સંતોષ માન્યો. સત્યપથમાં દર્શન કરતાં મારી આંખમાં આંસુ આવી ગયાં. થયું કે કેવો કમનસીબ! પરદેશ જતાં પહેલાં માનાં પ્રત્યક્ષ દર્શન ન થયાં. આખી રાત ઉંઘ ન આવી. એક જ પ્રાર્થના "મા દર્શન દે તો કેવું સારું! કેવા ભાગ્યશાળી થવાય! મુસાફરી અને લંડનનું રોકાણ પણ સુખરૂપ થઈ જાય."

મંગળવાર તા. ૨૭–૬–૮૯ ના રોજ દમયંતીને, સ્નેહલત્તા બહેનનો ફોન આવ્યો કે તમારું જરૂરી કામ છે,

બાર વાગ્યે આવો. દમયંતી મહેતા સાહેબને ત્યાં ગઇ અને લગભગ સવાત્રણ વાગ્યે મારા આશ્ચર્ય અને આનંદ સાથે એકદમ બંગલામાં આવી કહ્યું, "કાકા, કાકા, મા આવ્યાં છે દર્શન કરી લો." હું તો એકદમ ઊભો થઇ બહાર દોડ્યો અને પૂજ્ય માના દર્શન કર્યા. લગભગ દસેક મિનિટ માએ ગાડીમાં બેઠાં બેઠાં બધી વાત કરી અને આશીર્વાદ આપ્યા. મને તો મારું સદ્ભાગ્ય દેખાયુ કે મુસાફરી હવે ચોક્કસ નિર્વિઘ્ને થશે જ. અને મને ખાત્રી થઇ ગઇ કે મારી પ્રાર્થના માએ સાંભળી. ત્યારબાદ મા સત્યપથ ગયાં અને થોડા સમય બાદ વડોદરા ગયાં. જતાં પહેલાં પૂજ્ય માએ મારી દીકરી દમયંતી સાથે મારા માટે એક પુસ્તક "ગુરુ ભક્તિ યોગ" પૂજ્ય ગુરુદેવ તથા પૂ. માનો ફોટો (ખીસામાં રાખી શકાય તેવો) તથા ભગવાન તારકેશ્વરનો ફોટો, ડોકમાં પહેરવાની કંઠી, અને જપ કરવાની નાની માળા મોકલી આપ્યાં, સાથે પ્રસાદીમાં ગુલાબનાં ફુલ તથા રક્ષાબંધન માટે એક રાખડી મોકલી અને દમયંતીને કહ્યું કે જતાં પહેલાં આ રાખડી બાંધી દેજે. જેથી તેમની રક્ષા થશે. મારા પુત્ર શ્રી હરિપ્રસાદને માટે એક વંદનવાળો ફોટો તથા જનોઇ આપી. પૂજ્ય માએ દમયંતી તથા માલતી બહેનને કહ્યું કે "અમને તો જાણે અમારા પિતાજી જતા હોય તેવો ભાવ થાય છે. અમારો સબન્ધ તો પૂજ્ય શ્રીએ બદ્રીનાથમાં જ્યારથી તેમને મંત્ર આપ્યો ત્યારથી છે."

કેવી કરૂણા! એક સામાન્ય સાધક માટે તો પ્રેમ અને લાગણી! તેનું વર્ણન શબ્દોમાં શી રીતે થઇ શકે?

પૂ. મા સાધકની સાચા અંતરની પ્રાર્થના સાંભળે છે એ અંગેનો આ મારો જાત અનુભવ. મારા જીવનમાં હંમેશાં યાદ રહેશે.



# મારી આધ્યાત્મિક જીવનયાત્રા

પ્રભુદાસ બાબરભાઇ પટેલ (ગજેરા)

મારો જન્મ ગજેરા(તા. જંબુસર)માં થયો (તા. ૧-૪-૧૯૧૨માં) હતો. મારાં માતા સૂરજબા તથા મારાં માસી હીરાબા, હું સમજણો થયો ત્યારે કહેતાં હતાં કે તારો જન્મ થયો ત્યારે તારા કપાળે ઉભું તીલક હતું. તે તું બે વર્ષનો થયો, તે પછી અદ્દશ્ય થયું. જ્યારે બોલવા શીખ્યો ત્યારે અમે થાક્યા પાક્યા કહીએ "ઓ ભગવાન" ત્યારે તું કહેતો હતો કે આ રહ્યો, શું કામ સંભાળો છો, આ ઉપરાંત ગામમાં જ્ઞાતિ ભોજનમાં જવાનું થાય તો ઘરનાં બધાં જતાં પરંતુ હું કહેતો કે શું એમને ત્યાં આપણે આપી આવ્યા છીએ કે ખાવા જવાય? આવી મારી આડાઈના કારણે મારૂં ભોજન ઘેર બનાવતાં. આ આત્મા ગત જન્મનો યોગભ્રષ્ટ છે, એમ જણાય છે.

હું પાંચ વર્ષનો થયો તે પહેલાં આજ ગામમાં મારાં માસી નિ:સંતાન હોવાથી મને તેમને ત્યાં રાખ્યો હતો. તેઓ રણછોડનાં ભક્ત હતાં. અને દરરોજ સવાર-સાંજ ઘીનો દીવો કરી ભગવાનને વંદન કરતાં. સાંજનો ભગવાનનો દીવો કરવાનું કામ મને સોંપેલું. એક દિવસ હું ખૂબ રમતે ચઢી ગયો, દીવા ન સળગાવ્યા. મને કહે કે ભગવાનનો દીવો સળગે પછી જ ઘરના સળગાવાય. તે દિવસથી સંધ્યાવેળાએ ગમે ત્યાંથી ઘેર આવી જવાની ટેવ પડી ગઇ. આ રીતે તેમણે મારા સંસ્કાર વિકસાવ્યા.

૧૯૨૭ માં વર્નાક્યુલર ફાઇનલ પરીક્ષા પાસ કરી પ્રાથમિક શિક્ષક બન્યો ત્યાં સુધી દીવો કરવાનો નિયમ જારી રાખ્યો, અને તે પછી મારા પિતાતુલ્ય માસા દર પુનમે ડાકોર જતા તો કોઇવાર મને સાથે લઇ જતા. આ રીતે ભક્તિની ભાવના વધતી ગઇ.

૧૯૪૦ માં ટ્રેનિંગ કોલેજમાં તાલીમ લઇ ટ્રેઇન્ડ થયો. ૧૯૪૮ માં નોધણા ગામે હેડમાસ્તરમાં મુકાયો, ત્યાં એક બ્રાહ્મણ શિક્ષકના સંગથી ગાયત્રી ઉપાસના અવિધિસર શરૂ કરી અને દરરોજ સવાર-સાંજ નાહી પવિત્ર થઇ એક કલાક જપ કરતો, આમ કરતાં ૧૯૫૨ માં મારા જ ગામની પ્રાથમિક શાળામાં હેડમાસ્તરમાં મૂકાયો, હવે ઉપાસનાનું બળ વધ્યું અને જપ કરતાં કરતાં મનની એકાગ્રતા થતાં બંધ આંખે પ્રકાશ પ્રકાશ દેખાતો. રાત્રે ઉંઘમાં પ્રકાશની અનુભૂતિ થતી, આકાશમાં ઉડતો હોઉં, પર્વતો જંગલો, શહેરો, ગામડાંઓ, ઉપર ઉડ્યા જ કરતો હોઉં એવા અનુભવ થવા લાગ્યા, એકવાર આકાશમાં સફેદ પ્રકાશની સડકપર હું ઉડતો હતો, તો નીચે સાત પારસી સફેદ પહેરવેશના ફીરસ્તા બેઠા હતા તેમણે મને નીચે બોલાવ્યો, અને પૂછ્યું ક્યાં જાય છે, મેં કહ્યું, ભગવાનને શોધવા, તો તેમણે કહ્યું ખૂબ આગળ જતાં એક અંધારી ગુફા આવે તેમાં ઉતરજે ત્યાં ભગવાન મળશે, તેમના સૂચન મુજબ ગુફા સુધી ગયો, પરંતુ ઘોર અંધકારથી ડરી ગયો.

૧૯૫૪ માં મારું નવું મકાન બંધાતું હતું. તેના માળની પીઢો પર રાત્રે પડ્યો પડ્યો જપ કર્યા કરતો. એક દિવસ સવારે ૫-૩૦ કલાકે એક સંત મહાત્માએ મને ઉંઘતો જગાડ્યો, જો કે સવાર થઇ ગયું હતું, તે સંતે મંત્રદીક્ષા આપી



કહ્યું કે, તું 'રામ'નામના ૧૩ કરોડ જપ કર, જેથી જન્મ-મરણ મુક્ત થઇ જઇશ, આ સંતને મેં આંખ ખોલીને જોયા કે તરત જ અદૃશ્ય થઇ ગયા, જો કે નારેશ્વરવાળા પરમ પૂજ્ય રંગઅવધૂતને મેં ૧૯૫૨ થી એકલવ્યની માફક ગુરૂ માન્યા છે. પરંતુ તે ન હતા, તેમની અદૃશ્ય શક્તિ સૂક્ષ્મશરીરે ઘણીવાર દર્શન આપે છે. આધ્યાત્મિક માર્ગદર્શન આપે છે, ૧૯૭૨ માં તેમનું સ્થૂળ શરીર ન હતું છતાં દિવસના નવ વાગે (કાવી ગામે) ધ્યાનમાં શક્તિપાત કરેલો. આ ઉપરાંત બીજી કેટલીક અનુભૂતિઓ છે આ સંતની રામનામની દીક્ષા મળ્યા બાદ હું વિચાર કરતો થઇ ગયો કે-મંત્ર, માળા, ગુરુ બદલાય નહિ (પાછળથી લાંબા સમયે સમજાયું) તો મારે શું કરવું? આમ સમયનું વહેણ ચાલે જતું હતું, ઉપાસના ચાલુ જ હતી. તે દરમ્યાન ૧૯૬૦ માં મને ભરૂચ એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરની ઓફિસમાં ભાગ-શિક્ષણાધિકારી તરીકે બઢતી મળી, અને મુશ્કેલી ભર્યા ડેડીઆપાડાના જંગલ વિસ્તારમાં મૂક્યો, છતાં જ્યાં મુકામ કરતો ત્યાં ઉપાસનાનો ક્રમ જારી રાખતો, ૧૯૬૧ માં મને ત્યાંથી ગરૂડેશ્વર બીટ આપી, ત્યાં એક સિદ્ધ સંત ટાટીઆ મહારાજ તદ્દન નિર્પેક્ષ અવધૂત દશામાં નર્મદા કિનારે પર્ણકુટીમાં રહેતા હતા, તેમની પાસે કોઇ જઇ શકતું ન હતું. કારણ કે તે આવનારને બિભત્સ ગાળો દઇ ભગાડતા, તુચ્છકારતા. પરંતુ જનતા તેમના નામની માન્યતા રાખી સિદ્ધિઓનો લાભ લેતી.

એક દિવસ હું ગરૂડેશ્વરના હેડ માસ્તરને ત્યાં સવારના બેઠો હતો અને આ સંત ત્યાં આવ્યા. માસ્તરને પૂછ્યું કે આ કોણ છે. તેમણે કહ્યું અમારા ડેપ્યુટી સાહેબ છે, તે પછી સંતે

બિભસ્ત ગાળો આપી, ત્યારબાદ તેઓશ્રી ધ્યાનમાં મનની એકાગ્રતા કરી બોલ્યા, અબે માસ્તર આ તેરા સાહેબ બહોત ઉંચા આત્મા હૈ, ઉસકો ઝાંપડી પર લાના, એમ કહી ચાલ્યા ગયા, માસ્તરને વિશ્વાસ બેઠો નહિ, આ સંત થોડીવારમાં ઝૂંપડી પરથી ફરી પાછા આવ્યા ને બોલ્યા અબે માસ્ટર તૂને ઈતબાર નહિ હુઆ, જરૂર સામકો લે આના, વો જીવ બહુત પવિત્ર હૈ, તે પછી ખૂબ સહચાર વધ્યો, તેમના મુક આશીર્વાદથી મારા આ પ્રવાસમાં હવે ખૂબ વેગ આવ્યો. ઈશ્વરીય ભાવના મજબૂત થતી ગઈ.

૧૯૬૨ માં રાજપીપળા બીટમાં બદલી થઇ. તેમાં નર્મદા કિનારે આવેલાં તીર્થ સ્થળો, મોખડી, સુરપાણેશ્વર, આપતેશ્વર વિગેરે જોવા મળ્યાં ૧૯૬૪ માં પંચાયતરાજ થતાં મારી બદલી જંબુસર બીટમાં થઇ. હવે વતનનો લાભ મળવાથી ઘરમાં જ એક સાધનાખંડ બનાવી કલાકોના કલાકો સુધી સાધના થવા લાગી. આ રીતે ૧૯૭૦ માં હું નોકરીમાંથી નિવૃત્ત થયો. બે મહિનાસુધી ઘેર બેસીને ખૂબ વિચાર કર્યો કે હવે શું કરવું. ખાનગી નોકરી તો મળતી હતી. પરંતુ આજીવિકા માટે ધનની જરૂર જણાતી ન હતી. મારી પત્ની શિક્ષિકા હોવાથી (ગામમાં જ) અને મારૂ પેન્શન મળવાથી ઘરનો કારોબાર ચાલી રહેતો. મારી દીકરી તેના સાસરે સુખી હતી. પછી બીજું કોઇ સંતાન ન હોવાથી અમે બે ખૂબ સારી રીતે રહી શકીએ, ભગવાને અમને ભક્તિ કરવાની સારી તક આપી છે, તો બીજી કોઇ પ્રવૃત્તિ ન કરતાં આધ્યાત્મિક સંશોધન અંગેની પ્રયોગાત્મક પ્રવૃત્તિ શરૂ કરી.



# સદ્‌ભાવભરી ભેટ

સદ્‌ભાવભરી ભેટની સરિતા અધ્યાત્મ માટે ચાલતી જ રહે છે. એની પાછળ પ. પૂ. ગુરૂદેવ શ્રી યોગેશ્વરજીની કૃપા તેમજ પૂ. માશ્રી સર્વેશ્વરીની શક્તિ કામ કરી રહી છે. અધ્યાત્મને ટકાવવામાં આ ભેટનો ફાળો ઘણો મોટો છે. છેલ્લે મળેલી સહાયની વિગત નીચે પ્રમાણે છે:-

| રૂા. | |
|---|---|
| ૮૪૧ | શ્રી ધનજીભાઇ સુતરિયા, અમેરિકા. |
| ૫૦૧ | ડો. શ્રી મધુભાઇ પટેલ, કપૂરા. |
| ૧૦૧ | શ્રી રમેશભાઇ ભક્ત, કપૂરા. |
| ૨૦ | શ્રી અમરસિંહ પાવાગઢી, ડોલવણ. |
| ૨૫ | શ્રી કપિલાબેન રમેશભાઇ શાહ, અમદાવાદ. |
| ૧૦૧ | શ્રી કુમુદબેન નાનજીભાઇ કકૈયા, જેતપુર. |
| ૧૩૫ | શ્રી ભગવાન પરમાર, લેસ્ટર તરફથી ભાઇ દીપકનાં દીનાબેન સાથે લગ્ન નિમિત્તે. |
| ૧૫૧ | શ્રી મણિલાલ ભોગીલાલ તલાટી, ડાકોર. |
| ૧૫૧ | શ્રી સવિતાબેન મણિલાલ તલાટી, ડાકોર. |
| ૫૧ | એક અનામી સાધક તરફથી. |
| ૧૧ | શ્રી નવીનચંદ્ર પંડ્યા વીક્રોલી. |
| ૨૫ | એક સાધક તરફથી. |
| ૧૧ | શ્રી મનોરમા રાજેન્દ્ર ભટ્ટ, વડોદરા. |
| ૨૫ | શ્રી ભિખુભાઇ એચ. પટેલ, અમદાવાદ |

પિતાજીના શ્રાદ્ધ નિમિત્તે.

૧૦૧ શ્રી હરિભાઇ ભોજાણી, મોરબી, નવા મકાનના પ્રવેશ પ્રસંગે.

૧૦૧ પોતાના પૌત્રના જન્મદિન નિમિત્તે એકસાધક તરફથી.

૧૦૧ શ્રી સીતાબેન લક્ષ્મુભાઇ ભક્ત, પથરાડિયા.

૧૦૧ શ્રી લક્ષ્મુભાઇ દયારામ, પથરાડિયા. માતાજી લાડુબેનના સ્મરણાર્થે.

૨૫ શ્રી જીજ્ઞેશ વી. જોષી, વડોદરા.

૩૫ શ્રી કરસનભાઇ ઉકાભાઇ પટેલ, માસમા.

૧૧ શ્રી હસમુખભાઇ જમનાદાસ બાટવિયા, રાજકોટ.

૧૦૫ શ્રી ધીરજભાઇ મોઘરિયા, ધાંગધ્રા.

૭૫ શ્રી બાલમુકુન્દ શ્રોફ, મોરબી.

૨૧ શ્રી મુકુન્દરાય ન. સોરઠિયા, સુરત. જન્મદિન નિમિત્તે.

૧૦ શ્રી ઈશ્વરલાલ જી. કંથારિયા.

૨૫ શ્રીમતી હંસાબેન ભીખાલાલ ત્રિવેદી, મુંબઇ.

૨૫ શ્રી મગનભાઇ તન્ના તરફથી.

૧૦૧ સ્વ. શ્રી નવીનચંદ્ર મનોરદાસ પારેખ (ભાવનગર)ના સ્મરણાર્થે એમના પુત્ર શ્રી પ્રીતમભાઇ તરફથી.

## સરનામામાં ફેરફાર

મોરબી ધ્યાન કેન્દ્રના સંચાલક શ્રી હરિભાઇ ભોજાણીનું નવું સરનામું નીચે મુજબ છેઃ–

"શ્રી મા", ૪૦, યોગેશ્વરનગર, રવાપર રોડ, મોરબી–૩૬૩૬૪૧.



## રગ્બીના ગ્રાહકો તરફથી ભેટ

ઇંગ્લેન્ડના રગ્બી શહેરના અધ્યાત્મના ગ્રાહકો તરફથી લવાજમ ઉપરાંત ભેટના લગભગ રૂા. ૧૭૩૦, પ્રાપ્ત થયા છે. આ સહુ ગ્રાહક ભાઇઓને એ બદલ અભિનંદન ઘટે છે.


ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

## વાતો

તન મનની છે વાતો,
એક બીજામાં ઓતપ્રોત પણ અલગ અલગ છે નાતો,
તન મનની છે વાતો.
તેલ સુગંધિત, પુષ્પ સુવાસિત,
ચંદન લેપ લગાવે,
સદ્દગુરુ શરણે, સંત ચરણમાં
ઉન્નત શિર નમાવે,
મનમર્કટ પણ જગત વૃક્ષની ડાળે ઝૂલા ખાતો,
તન મનની છે વાતો.
ભક્તિમાર્ગની કૂખે ખીલ્યાં
પુષ્પનું મધ મન ઝંખે,
રોમરોમથી ક્ષણ ક્ષણ રામ–
રટનથી હૈયુ હરખે,
છોને પ્હાડ, સરોવર, જંગલ, દરીઓ દે આઘાતો,
તન મનની છે વાતો.
સાર્થક તનમન, જીવશિવનું
એક બનીને રે'વું,
સાગર જલમાં ભળે સરિતા
ક્યાં જુદા થૈ વ્હેવું?
જીવન આ જે તન મન તારે, અહમ્ ઓગળી જાય તો,
તન મનની છે વાતો
તન મનની છે વાતો

'પારસ'



# પરમ સમીપે (૫)

ગોરધનભાઇ કલોલા (કલ્યાણ)

હમણાં હમણાં આપણે મનભાવન, નયનમનોહર સિરિયલ હૈયાના અંતરપટ પર નિહાળવાનો આનંદ માણી રહ્યા છીએ. એ છે મહામહિમાવંતી, મંગલમયી મહામાતાના મહાજીવનની માંગલ્યમય જીવંત પ્રેમસૃષ્ટિની. અહીં કોઇ વેશ પરિવર્તન નથી. સીધું જ પ્રસારણ છે એ લીલાદર્શનનું. પૂ. માએ પણ એકવાર કહ્યું "અમને પણ એ જોવાનું ગમે છે" પરમાત્માએ સૃષ્ટિનું સર્જન કર્યું પણ એ સર્જન કેવું છે? મંગલકારક કે અભદ્ર, તે જોવાનું સૃષ્ટિકર્તાને ગમે છે, તેમ પ્રભુપંથે ચાલતા પ્રભુપ્રેમીઓ એ પાવનપંથે ચાલતાં પોતાના પગલાંની છાપ કેવી ઉઠે છે તે ક્યારેક નિહાળી લેતા હોય છે. એ પદચિહ્ન કોઇને પ્રેરક બનીને આગળ દોરી જાય તેવાં છે? છાપ કેવી ઉઠે છે? કોઇને ગમે તેવી છે? એવી જાત પરીક્ષણની ટેવને લીધે પણ પૂ. મા એ 'લીલાદર્શન' તરફ દૃષ્ટિપાત કરી લેતાં હશે. બાકી તો એ પ્રેમપંથની મસ્તી અનેરી છે. એ નામના વેપારમાં એમને પાછું વળીને જોવાની ફુરસદ જ ક્યાં છે? અમે ભલાં અને અમારા પ્રભુ ભલા.

એક પ્રભુની પ્રીત બાંધી, તોડ્યા સૌ વેવારજી,
નામ આધારે નચિંત બેઠા મૂકી અમે જંજાળજી,
પાગલ બનતા પ્રભુ અમારે કરિયા અમને પાર.
કરીએ અમે નામનો વેપારજી.

પૂ. મા તો બ્રહ્મદર્શનનાં ઉત્તુંગ શિખરો સડસડાટ ચડી રહ્યાં છે. એ આંખોમાં 'હરિદરશન કી  પ્યાસ'ના તલસાટ સિવાય બીજું કંઇ નથી. કોઇ ગમે તે કહે "અમે તો ડગલાં ભરી દીધાં છે, પાછા હઠવાનું અમારા હાથમાં નથી. પાછા ફરવાનું તો ક્યાંય રહ્યું પરંતુ પાછું જોવાની પણ અમને લેશમાત્ર ઇચ્છા થતી નથી." એવા એક પ્રભુ સાથે પ્રેમસગાઇથી બંધાયેલું જીવનનું દર્શન કરવા આપણે સદ્ભાગી બન્યા છીએ, પરંતુ આજે પાંચ માર્ચ '૮૯ ના રોજ હજુ એ પ્રેમદર્શન નથી કર્યું. કેમ વાર લગાડી? ફરી આવો અવસર ક્યારે આવશે? તો ચાલો, એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના એ દર્શનલાભ પામી લઇએ. અત્યારે સુરમ્ય પ્રભાત પ્રકટી ગયું છે. ઉષા, નિશા, વન ઉપવન, સરિતા, સરોવર કે ગિરિવર ભલે સુંદર હોય, પરંતુ પ્રેમના સૌંદર્યની તોલે કોણ આવી શકે? એવાજ પ્રેમ નીતરતા સૌંદર્ય સાથે પ્રભુને હૈયા સરસા ચાંપી, ધવલ વસ્ત્ર પરિધાનથી શોભિત મલક મલક થતાં મુખારવિંદ પર દિવ્યભાવોની સુરખીથી મંડિત પૂ. મા ઉતારાના રૂમમાંથી ઝડપથી બહાર આવી રહ્યાં છે. ચાલ એટલી ઝડપી છે કે છોકરાઓ પાસે એ શ્રી ચરણોમાં મસ્તક ઝુકાવવાનો સમય જ રહ્યો નથી. પૂ. મા બસમાં પલંગ પર જઇ બિરાજ્યાં છે. હવે આપણે શાંતિથી દર્શન કરીએ. પૂ. મા તકીઆને અઢેલીને દરરોજના એ સહજ આસનમાં બિરાજ્યાં છે, જમણો પગ ઘુંટણમાંથી વળી ગાદીને સ્પર્શતો રહેલો છે. ડાબો પગ ઘુંટણમાંથી વળી ઉભો સ્થિર થયો છે. જમણાં હાથની કોણીને બાજુના ઓશિકાપર ટેકાવી સહેજ જમણી બાજુ ઝૂકેલાં એવાં પૂ. મા ઓઠો પર રમતી દિવ્ય સ્મિત લહરીઓ સાથે છોકરાઓને દર્શન આપી રહ્યાં



છે. દિવ્યમાતા અને છોકરાઓની આ પ્રેમસૃષ્ટિનું દર્શન એ આ મહારાષ્ટ્રના જ્યોતિર્લિંગોનાં દર્શન માટેની યાત્રાનું પુણ્યફળ ભગવાન શંકરે અમને પ્રસન્ન થઇ પ્રથમથી જ જાણે આપી દીધું છે! આજનું સુપ્રભાત પાવન દર્શનથી પ્રકટ્યું છે, તો આજની સંધ્યા પણ અનેક પ્રેરક પ્રસંગોનો રસથાળ લઇને ખીલશે. અહર્નિશ પ્રકટતી આ આનંદસૃષ્ટિ પૂ. માના અલૌકિક સાન્નિધ્યનું સહજ વરદાન છે.

આપણે અત્યારે નાગનાથ મહાદેવના દર્શને દોડી રહ્યા છીએ, પરંતુ અહીં જ એક પ્રેમસરોવરમાંથી પ્રકટતા પદ્મના પમરાટથી અંતર જાણે તરબતર થઇ જાય છે. અમારી એ સ્થૂળ દોડ જાણે થંભી ગઇ! વિસરાઇ ગયું બીજું બધું જ. કેવી અકળ લીલા છે પ્રભુની અને પ્રભુપ્રેમીઓની! બાલમુકુંદને ગોપીઓ પાસે કાલાવાલા કરતો આપણે ક્યાં નથી જોયો? અહીં એજ બાલમુકુંદ મા બનીને પોતાની ગોપી પાસે લાડપ્યાર માટે જાણે તલપાપડ થઇ રહ્યો છે! પામો એ શબ્દોમાં રહેલા પ્યારને! એ શબ્દોજ ક્યાં રહ્યા છે પ્રેમજ મૂર્તિમંત બન્યો છે એ રૂપમાં! ભૂલી જાઓ એ જગજનનીને! નિહાળી લો તેના બાલમુકુંદ સ્વરૂપને! આ રહ્યું તે મનભાવન શબ્દ સ્વરૂપ! "કંચન, તું મને આ ફુગ્ગા ન લઇ આપે! હું ક્યાં તારી પાસે બીજું કંઇ માગું છું? લઇ આપને, આવું શું કરે છે?" કેવો પ્રેમ ને કેવું પાત્ર પ્રેમરસને ઠરવાનું જાણે ઠામ મળી ગયું! પછી શું બાકી રહ્યું!

મળે મુજને તો પરવા કશીયે નહીં
સ્વર્ગ વૈકુંઠ તીર્થ પછી ક્યાં કહીં;
એના રસમાં નહાયે નિરંતર નયન
જાણે સુધાના સરોવરે સ્નેહનાં શયન.

એ 'સોના'માં સુગંધ મળી ગઈ પરંતુ એ દિવ્ય સુગંધ પામવા એ 'સોના'ને શુદ્ધ થવા માટે ન જાણે કેવી કેવી કસોટીઓની એરણ પર ટીપાવું પડ્યું હશે! ઉપર આપણે જે પ્રેમભર્યા સંબોધનમાં માતૃસ્નેહ માણ્યો તે કંચનબેન ખરેખર 'કંચન' જ છે. કંચનબેન આમ તો અમેરિકા વસે છે, પરંતુ અંતરમાં પ્રકટેલા પ્રભુપ્રેમને ક્યાં સીમાડાઓનાં બંધન છે? પ્રભુપ્રેમને પામવા કંચનબેને ધન, પદ, પ્રતિષ્ઠા કે મોભાના બધા જ વાઘા ઊતારી નાખ્યા છે. ગહન એવા સેવાધર્મને રોમે રોમે રમતો કર્યો છે. આમ તો પૂ. માને કઇ સેવાની જરૂર? કંઇ જ નહીં, જેમ રામને હનુમાનજીની! પરંતુ ભાવનું જગત જ જૂદું છે. અહીં પ્રેમ જ એવો પ્રકટી જાય છે કે પોતાના અંતરંગ આત્મીયજન સાથે જાણે એકાકાર બની જવાય છે. એ જાગે તો જાગવાનું, ખાય તો ખાવાનું, સુએ તો સુવાનું, પડ્યો બોલ ઝીલવાનો, કોઇ દલીલ કે સંશય ઉદ્‌ભવે જ નહીં. સેવા તો કંઇ ખાસ હોય જ નહીં. તેમ છતાં નાની એવી સેવા માટે તકની આતુર અંતરે ઝંખના સેવ્યાં કરે. અમે આ યાત્રામાં કંચનબેનના જીવનમાં ફક્ત ડોકિયું જ કર્યું તો ત્યાં સેવા માટે અખંડ જાગૃતિની ધગશ અને ન્યોછાવરીની ભાવનાનાં દર્શન થયાં. પ્રભુપ્રેમીઓનું જીવન આમેય અલગારી! તેમાંય પૂ. માની નિજાનંદની મસ્તી કંઇક ઓર જ છે. પૂ. માના તપસ્વી જીવનમાં રાતદિવસ જેવા કાળના કોઇ ખંડ રહ્યા નથી. જેવું તપ દિવસે તેથી વિશેષ રાત્રે. સૂવા કે જાગવાના કોઇ નિયમ નહીં. ખાવાનું તો છે જ નહીં, પરંતુ પાણી પણ પૂ. મા ક્યારે લેશે તેની પ્રતીક્ષા તમે કરતા રહો તો તમારે પણ પાણી લેવાનું વિસરી જવું પડે! જો આપણે પૂ. માની પાણીની સેવા



સ્વીકારવી હોય તો આપણા પગે પણ પાણી ઉતરી જાય. પૂ. મા જાણે પ્રભુ જ જોઇ લો! પ્રભુને ધરેલી સામગ્રી પ્રભુ સ્વીકારે તે માટે અનન્ય ભક્ત જેમ અનેક કાલાવાલા કરે, વિનવણીઓ કરે તેમ સવારથી શરૂ કરેલી પાણી સ્વીકારવાની પ્રાર્થનાઓ પૂ. મા છેક સાંજે સાંભળે ત્યારે ખરાં! અને ક્યારેક તો પૂ. મા હસતાં હસતાં કહે "અમારા આ સેક્રેટરી અમને પાણી પણ નથી આપતા" એમ કહી સામેથી પાણી માગી લે! ભોજન અહીં ભજનનું છે અને તે રાતદિવસ ચાલ્યા કરે છે. "દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત" અહીં દેહ છતાં દેહધર્મની વળગણ નથી. આ આત્મધર્મનું આત્મજ્ઞાન અહીં સાકાર બન્યું છે. તમને એમ થશે કે પૂ. મા ખરેખર ભોજન નહીં લેતાં હોય! અનાજ નહીં તો દૂધ, ફળ કે સુકો મેવો તો લેતાં હશેને? અહીં એક વાત સમજવા જેવી છે, આપણને સ્વાભાવિક રીતે એમ થાય કે અનાજ ન લેતાં હોય તો દૂધ, ફળ લેવાં જોઇએ, અને લેતાં હશે. પરંતુ અહીં અંતરમાં પ્રભુપ્રેમ અને આકરી તપસ્યાનું એવું તો મંથન ચાલ્યું કે પરિણામે અંતરની અભીપ્સા કે રૂચિ જ સદંતર બદલાવી નાંખી છે. ખાવાના પદાર્થો સામે જ હોય, છતાં તે લેવાની રૂચિ જ થતી નથી. અનાજ, ફળ કે સુકા મેવાના ઢગલા પડ્યા હોય, છતાં તે તરફ જોવાની ઇચ્છા જ ન થાય, મન જ આ સ્થૂળ ભોજન સામગ્રીઓ ઉપરથી ઉપરામ થઇ ગયું છે કે 'રામ' સિવાય બીજું કંઇ ભાવતું નથી. એટલે જ અહીં કંચનબેનની સેવાની કિંમત આપણને સમજાય. રામકૃષ્ણદેવ જેમ માને પ્રસાદ આરોગવા માટે પ્રેમાશ્રુઓનો ધોધ વહાવતા, તેમ અહીં પણ કંચનબેન પૂ. મા સંતરા કે મોસંબીના રસની બેક ઘૂંટ ભરે તે માટે અંતરના

અંતરતમમાંથી વિનવણીઓ વહેતી કરે. "મા, તમે તો કેવાં ડાહ્યાં, અમારું આટલું ન માનો, થોડુંક તો લો, આવું શું કરો છો! જુઓ મા, તમે આજે આખો દિવસ કાંઇ લીધું નથી. કેટલી દોડધામ આજે કરી છે! આરામ જ કર્યો નથી. આટલી વાત પણ અમારી નહીં માનો" આમ તો મા ખૂબ મક્કમ પણ આ 'બાળભાવ' પાસે મા ઝૂકી જાય. અને કહે "લાવ, કંચન, ત્યારે તું રાજી" અને એ 'લાવ' માં પણ શું હોય? કાંતો શીંગોડાં કે ગોરસ આંબલીના ગણ્યા ગાંઠ્યા પાંચ છ દાણા. સંતરાનો રસ કે મગફળીના દાણા. અનેક વિનવણીઓને અંતે આ જ પૂ. માનો ભોજનથાળ! તેમાંય વળી આ ચારેય વસ્તુઓ એક સાથે તો નહીંજ. ચારેમાંથી એકાદ વસ્તુ પૂ. મા કદાચ સ્વીકારે અને તે પણ અલ્પ માત્રામાં! અને તે પણ કોઇ ચોક્કસ સમયે તો નહીંજ. સવારે દૂધ, બપોરે ફળોનો રસ અને સાંજે નાસ્તો એવું કોઇ સમયપત્રક અહીં કામ કરતું નથી! અહીં તો આપણો પ્રેમ જેટલો પ્રબળ તેટલો પ્રેમરસ પ્રભુ સ્વીકારે! પૂ. માના સાન્નિધ્યમાં રહેનારે શબરીની જેમ તપવું પડે છે. તાજાં જ વીણેલાં બોર ધરીને રામની પ્રતીક્ષામાં અખૂટ ધીરજ ધરીને ઝૂરવું પડે છે. આખા દિવસની યાત્રા કરીને થાકીને લોથપોથ થઇ ગયા હોઇએ ત્યારે બધા જ યાત્રિકો જલ્દી જલ્દી સૂઇ જાય, પરંતુ પૂ. માના રૂમમાં તો પૂ. મા અને કંચનબેન જાગતાં હોય! એમાંય વળી જો પૂ. માને ભજનની પંક્તિઓ સ્ફુરી હોય તો તે સંભળાવતાં જાય. આમ સત્સંગ કાવ્ય, વિનોદે શર્વરી જાય વીતી! આવી છે પ્રભુ અને પ્રભુપ્રેમીઓની દુનિયા! લાખોમાંથી કંચનબેન જેવાં કોઇ બડભાગીના દિલમાં જ આવો પ્રભુપ્રેમ જાગે છે. ગુરુદેવપ્રભુ આવા પ્રેમનો મહિમા ગાતાં



લખે છે:–

કરો જપ લાખ ને તપયે કરો કે યજ્ઞયાગ ભલે,
ન પ્રકટે પ્રેમ પણ તો તે થકી ના દૈન્ય જાયે છે.
ઉઠે જો પ્રેમનું બિંદુ હૃદયમાં ભાવનો સિંધુ,
હજારો સાધનો તેના પરમફલમાં સમાયે છે,
હૃદયમાં પ્રેમ જાગે તો બધુંયે સિદ્ધ થાયે છે!

આવા પરમ પ્રેમી પાછળ પ્રભુ પાગલ થાય તેમાં શી નવાઇ! આપણા ભક્ત કવિ દયારામે એટલા માટે જ ગાયું છે:–

હું શું જાણું રે વ્હાલે મુજમાં શું દીઠું,
વારે વારે સામું જુએ મુખ લાગે મીઠું....હું શું જાણું.
જળ ભરવા જાઉં ત્યાં પૂંઠેપૂંઠે આવે
વગર બોલાવ્યે વ્હાલો બેડલું ચડાવે....હું શું જાણું.

કંચનબેન પ્રત્યેનો પૂ. માનો પ્રેમ ગોપીપ્રેમની યાદ આપી જાય છે. પૂ. માના મુખેથી આ યાત્રામાં "કંચન" "કંચન"ના મધુર ટહુકારથી અમારી બસ ગુંજતી રહેતી. કંઇપણ કામ ન હોય છતાં "કંચન રે કંચન"નો મધુર ધ્વનિ સહજપણે પૂ. માના અંતરમાંથી ઉઠ્યા કરે છે, જાણે એ વિના પૂ. મા રહી શકતાં નથી! પૂ. માના જ શબ્દો સાંભળોને! કેવો છે એ પ્રેમનો રણકાર!

"ઊંઘમાં પણ મારી નાડીના ધબકારા કોઇ સાંભળે તો તેને 'કંચન, કંચન' જ સંભળાય." અમારાં નેત્રો પણ સાર્થક થયાં પરમ પ્રેમની આ ગરીમા નિહાળીને!

પૂ. માના મુખમાંથી નીકળેલા શબ્દો કેવા સાર્થક કરે છે તે પ્રસંગને માણી લઇએ. પાછળના અનુસંધાને નજર ફેરવીએ તો પૂ. મા કંચનબેનને કહે છે "કંચન, તું મને આ ફુગ્ગા ન લઇ

આપે?" પૂ. માએ ફુગ્ગા જોયા અને સહજપણે આ શબ્દો બોલ્યાં, પરંતુ આ ફુગ્ગાઓ કેવી અદ્‌ભુત રીતે પૂ. મા પાસે આવ્યા તે જોઈએ! પૂ. માને બાળભાવે ફુગ્ગાઓ સાથે ગમ્મત કરવાની ઈચ્છા થઈ. તે દિવસ ૫, માર્ચ ને રવિવારનો હતો. હવે આ દિવસ ઈગ્લાંડમાં "Mother's day" તરીકે ઉજવાય છે. અમારી સાથે યાત્રામાં ઈગ્લાંડથી આવેલા મંગળાબેન અને તેમનાં બે સંતાનો છે. ગયા વર્ષે પૂ. મા જ્યાં હતાં ત્યાં આજના 'મધર્સ ડે' ના દિવસે મંગળાબેનના પરિવારે મધર્સ ડે ની ઉજવણીની ખુશાલીમાં પૂ. માને યાદ કરી છેક ઈગ્લાંડથી અમેરિકા પુષ્પો અને ફુગ્ગાઓ પ્રેમના પ્રતીકરૂપે મોકલ્યા હતા. પૂ. માએ તો કંઈક સહજપણે ફુગ્ગાઓ જોતાં તેને યાદ કર્યા હતા, પરંતુ આ ફુગ્ગાઓ જોતાં મંગળાબેન અને બંને સંતાનોને કંઈક અદ્‌ભુત રીતે 'મધર્સ ડે'ની સ્મૃતિ તાજી થઈ. તેઓ તો જાણે ખુશીથી નાચી ઉઠ્યાં. આજે 'મધર્સ ડે' અને દિવ્યમાતા સામે જ બિરાજતાં હતાં. જાણે સુવર્ણ અવસર! પછી કંઈ હર્ષનો પાર રહે! મંગળાબેનનો પુત્ર રાજેષ અને પુત્રી દીપ્તિ બસમાંથી નીચે કૂદી પડ્યાં. બજારમાંથી ફુગ્ગાઓ, પુષ્પો અને મીઠાઈઓ ખરીદી લાવ્યાં, બસને ફુગ્ગાઓ અને પુષ્પોથી શણગારી, જાણે આનંદોત્સવનું મોજું ફરી વળ્યું. 'મધર્સ ડે'ના આનંદથી વિશેષ આનંદ અમને એ શ્રીમુખમાંથી સરી પડેલા શબ્દો કેટલા સાર્થક ઠર્યા હતા તેનો હતો. દિવ્ય શક્તિમાટે શું અશક્ય છે? ઘડી પહેલાં જેની કલ્પના પણ ન હતી તે નિમિત્ત ઘડીના છઠ્ઠાભાગમાં કેવું ઉપસ્થિત થઈ જાય છે!

પરમશક્તિના દિવ્ય સાન્નિધ્યમાં કેવું ઉપસ્થિત થઈ



જાય છે! રસલ્હાણ લૂંટતા ક્યારે નાગનાથ મહાદેવનું જ્યોતિર્ધામ આવી ગયું તેનો ખ્યાલ પણ ના રહ્યો! આવતી કાલે શિવરાત્રિ છે તેની ભવ્ય તૈયારીઓ મંદિરના પટાંગણમાં થઈ રહી છે. મંદિર ઘણું પ્રાચીન અને સુંદર શિલ્પથી અલંકૃત છે. આ મંદિર સાથે ભક્તિના પ્રતાપની અલૌકિક કથા વણાયેલી છે. ભક્તરાજ નામદેવ જ્યારે આ નાગનાથ મહાદેવના જ્યોતિર્લિંગના દર્શને પધાર્યા ત્યારે કોઈ કારણને લીધે તેમને મંદિરમાં પ્રવેશવાની મનાઈ ફરમાવવામાં આવી. શ્રીનામદેવ મહારાજ તો હઠ કરીને મંદિરના પાછળના ભાગમાં બેસી ગયા કે ભગવાન દર્શન આપે તો જ અહીંથી ઉઠવું. સાચા દિલની ભક્તિની શક્તિનો પ્રતાપ અનેરો છે. કહેવાય છે કે ભક્તના પ્રેમને વશ થઈ આખાયે મંદિરની દિશા પૂર્વને બદલે પશ્ચિમમાં ફેરવાય ગઈ! પથ્થરોનું જડ મંદિર ચૈતન્યમાં ફેરવાઈ ગયું. આજે પણ આ મંદિર શ્રી નામદેવ પ્રભુની પૂણ્ય સ્મૃતિ સાથે પશ્ચિમદિશામાં જ રહીને પોતાના ભક્તના પ્રેમની શાખ પૂરતું ઊભું છે. મંદિરના પ્રવેશદ્વારની સામે જ શ્રી નામદેવ મહારાજનું સ્મૃતિસ્થાન આજે પણ હયાત છે. સામાન્ય રીતે ભગવાન શંકરના મંદિરનાં પ્રવેશદ્વાર પૂર્વ દિશામાં હોય છે. પરંતુ અહીં સમગ્ર મંદિરનું એકજ પ્રવેશદ્વાર છે અને તેપણ પશ્ચિમ દિશામાં. જય હો શ્રી નામદેવ મહારાજનો, જય હો શ્રી નાગનાથ મહાદેવનો.

અહીં મંદિરનું ગર્ભગૃહ જમીનની અંદર છે તેથી મુક્તપણે દર્શનની અનુકૂળતા નથી. તેથી પૂ. મા દર્શન કરીને તુરત જ બહાર આવી રહ્યાં છે. ત્યાં મંદિરમાં જ બે પંડાઓ ઝઘડી રહ્યા છે. બીજી જ ક્ષણે બંને હાથોહાથની મારામારી પર આવી

ગયા. પૂ. મા ત્યાં તદ્દન નજીકમાં જ છે. એક ક્ષણની પણ વાર લાગે તો પૂ. માને ગમે તેવી ઈજા કરે તેવી સ્થિતિ છે. સુરેશભાઈ પાછળ જ છે. તેમણે આ દૃશ્ય જોયું. હાથમાંના ફુલપ્રસાદ ક્યાંય વેરાઈ ગયાં. એક ક્ષણમાં એક છલંગ સાથે બે પંડાઓને એક એક હાથથી ગળામાંથી પકડી લીધા. બંને પંડાઓ નિઃસહાય બની સુરેશભાઈના હાથમાં ત્રાજવાની જેમ તોળાઈ રહ્યા! શ્રી નાગનાથ મહાદેવની મહાશક્તિ જાણે શ્રી સુરેશભાઈના બાહુઓમાં પ્રકટી અને અદ્‌ભુત રીતે પૂ. માની રક્ષા થઈ ગઈ! ઘડીક પહેલાંની બાજી ઘડીકમાં કેવી પલટાઈ જાય છે તે દૈવીશક્તિનો ચમત્કાર નહીં તો બીજું શું?

સમર્થ સંતોની હાજરીમાં તીર્થના દેવો પણ કેવા પ્રસન્ન થઈ કૃપાની વર્ષા વરસાવે છે તે દિવ્ય પ્રસંગની રસલ્હાણ પહેલાંની જેમ ફરીથી માણીએ. દર્શન કરી પૂ. મા સાથે સૌ બસ પાસે પહોંચ્યા છે. રસ્તામાં ત્રણ બટુકો શ્રી ભગવાનજીભાઈ પાસે ભીક્ષા માટે હાથ લંબાવે છે. શ્રી ભગવાનજીભાઈ તેમને સંતોષે છે, છતાં પણ સાતેક વર્ષની ઉંમરના આ બટુકો પાછળ પાછળ અમારી બસ પાસે આવી પોતાની મેળે જ હાથમાંના નાનકડા વાજિંત્રો સાથે નાગનાથ મહાદેવ સ્તુતિગાન મધુર કંઠે લય અને તાલ સાથે કરી રહ્યા છે. ભાવ અને ભાષા આટલી નાની ઉંમરના બાળકોમાં ન દેખાય તેવાં વિરલ છે. પહેલાં તો અમે તેમને ભિક્ષાથી રાજી કરી દૂર કરવા પ્રયત્ન કર્યો, તેમને કહ્યું પણ ખરું કે "હવે જાઓ, આપવાનું આપી દીધું છે." પરંતુ એ ક્યાં જવા આવ્યા હતા! એ તો પોતાનો પરિચય આપવા આવ્યા હતા. બસ, તેઓ તો મસ્ત થઈ નાગનાથ મહાદેવનું પ્રેમગાન કરવા લાગ્યા. હવે તો અમે



પણ મસ્તીમાં ઝુમવા લાગ્યા. પૂ. મા બસમાં બેઠાં છે, તેમના કાને આ બટુકોનું દિવ્યગાન પડ્યું. પૂ. માએ ત્રણેયને અંદર બોલાવ્યા. પૂ. મા પલંગપર બિરાજ્યાં છે સામે પ્રભુના વામનસ્વરૂપમાં ત્રણેય બટુકો પૂ. માની આજ્ઞાની રાહ જોઈ ઊભા છે. દિવ્ય મનોહર દૃશ્ય સર્જાયું છે. ત્રણેય બટુકોનું સ્તુતિગાન શરૂ થતાં આસપાસનું સ્થૂળ જગત વિસરાઈ ગયું! જે રીતે તેઓ ગાતા હતા તે અલૌકિક એટલા માટે લાગતું હતું કે તેઓની ઈચ્છા ફક્ત ભિક્ષા માટે જ ગાન કરવાની હોય તેમ લાગતું ન હતું. જો કંઈક લેવાની ઈચ્છાથી જ ગાતા હોત તો અમે તેમને પ્રથમ જ આપી દીધું હતું. તેમ છતાં તેઓએ ગાવાનું ચાલું જ રાખ્યું. જાણે પૂ. માને કાને એ ગાનના પડઘા પાડવા માગતા ન હોય! બીજી ધ્યાન ખેંચે તેવી વાત એ હતી કે તેમની ઉંમર કરતાં વધુ સમજદારીભર્યું, લય, તાલ અને ભાવ સાથે ગાન કરી રહ્યા હતા. ભાવ સાથે તેમની તન્મયતા, સ્પષ્ટ ઉચ્ચારો અને ત્રણેયની એક જ અભિનય સાથે ભાવ અને તાલની સુસંગતનતા તેમનામાં પ્રકટેલા દિવ્ય આવિર્ભાવની જાણે સાક્ષી પુરતા હતા! પૂ. મા તો જાણે પ્રભુના આ ભાવવાહી "બટુક દર્શન"થી ખુશખુશાલ! પૂ. માને એ પ્રેમગાન એટલું તો ગમ્યું કે એ બટુકો પાસે વારંવાર ગવડાવ્યું. પૂ. માની પ્રસન્નતાનો આજે પાર નથી, ત્રણેય બટુકોને પ્રસાદીથી જાણે લાદી દીધા! આટલી બધી પ્રસાદી કેવી રીતે ઉંચકીને લઈ જવી તે બટુકો માટે પ્રશ્ન થઈ પડ્યો. તેમના નાનકડાં ખીસ્સાઓ પૈસાપોથી પણ ઉભરાઈ ગયાં! અંતે પૂ. માએ આશીર્વાદ આપી વિદાય આપી, ત્યારે પોતાને કરવાનું હતું તે માતૃદર્શન અને દિવ્ય સ્પર્શન પામી શાંતિથી સંતોષપૂર્વક જનસમૂહના

પ્રવાહમાં ભળી ગયા!

આ દિવ્યપ્રસંગ જ્યોતિર્લિંગના આ પવિત્ર ધામમાં શિવકૃપા થકી પરમ શિવાની પ્રસન્નતા માટે હતો એમાં ક્યાં હવે શંકાને સ્થાન રહે છે!

આપણે જે માતૃશક્તિની ગોદમાં બેઠા છીએ તે કૃપાસિંધુની દિવ્ય સ્મિત લહરીઓ સમા આ દિવ્ય કૃપા પ્રસંગો શું સૂચવે છે? એ મહાસિંધુના નાનકડા બિંદુ બની તેમાં સમાવાની જે સુવર્ણતક સાંપડી છે તે ઝડપી લેવી જોઇએ, એવું નથી લાગતું?

આજનો માતૃદર્શનનો પ્રસંગ એ મહામંગલમયી માતાના દિવ્ય પ્રેમદર્શનના મધુર ગાનથી ગૂંજતો રહ્યો છે, એના મહિમાનો પાર આપણે ક્યાંથી પામી શકીએ! એ શ્રીચરણોમાં મસ્તક ઢાળી દઇ આશીર્વાદ માગી લઇએ:–

આશીર્વાદ દઇ દો કે આકર્ષણ મટે નહીં,
તમારા પ્રેમની પૂજા કદી કાળ ઘટે નહીં.

(ક્રમશ:)

પ્રથમ તો પોતાના આંતરબાહ્ય સામર્થ્યના પ્રમાણમાંજ જય ને ઉન્નતિ ઇચ્છવાં, અધિકતમ, અધિકતર કે અધિક ન ઇચ્છવાં. સામર્થ્ય વધે તેપછી ક્રમાત્ તે ઇચ્છાય તો તેમાં વિરોધ નહિ. અન્યથા ક્લેશાનુભવનો પ્રસંગ આવે છે.



# તેજાનંદ સ્વામી

સંકલન : કનૈયાલાલ ઝિંઝુવાડિયા

અનેક કષ્ટ વેઠીને પણ સંતો અન્ય ઉપર અનુગ્રહ કરવા તત્પર રહે છે. એમાં શું આશ્ચર્ય છે? ચંદનવૃક્ષો શું પોતાના દેહને શીતળ કરવા માટે ઉગે છે? ચંદનની પેઠે સંતોનો જન્મ પણ પોતાના સ્વાર્થ માટે નહિ પણ પરહિત કાજે જ હોય એમાં શું આશ્ચર્ય છે? મન વચન અને શરીરથી પરોપકાર કરવો એ તો સંતોનો સહજ સ્વભાવ જ છે.

ઉત્તર ગુજરાતથી પર્યટન કરતા સદ્‌ગુરુ કેટલાક દિવસો પછી અમદાવાદમાં આવી પહોંચ્યા. શહેરમાં પ્રવેશ કરી રાજમાર્ગ પર આવેલા ચોકમાં ધૂણી ચેતાવી આસન જમાવી સદ્‌ગુરુ ધ્યાનમગ્ન બની ગયા. પ્રાતઃકાળ થતાં એ અડબંગી સાધુને એકાગ્રતાથી ધ્યાનમાં બેઠેલા જોતાં લોકો ચકિત થયા. કેમકે નવાબી રાજ્યમાં આવી રીતે બેપરવાહીથી રાજમાર્ગના ચોકમાં ધૂણી ચેતાવીને ધામા નાંખી પડી રહે એ બિલકુલ અસંભવિત હતું. છતાં એ મતવાલા સાધુને નીડરતાથી અજપા આરાધતો નિહાળતાં જનતાના હૃદયમાં ભારે કૂતુહલ જાગ્યું.

પ્રહરીઓ પણ એ સાધુની ચેષ્ટા નિહાળ્યા છતાં મૌન રહ્યા. એટલે જનતાના હૃદયને પ્રોત્સાહન મળ્યું હોય તેમ તેઓ સાધુની આસપાસ ટોળે મળી વિંટળાય રહેતાં. પ્રહરીઓ લોકોને વિખરાઇ જવા કહેતા પરંતુ તેઓ માનતા નહિ.

સૂર્ય નારાયણ અસ્તાચળ ગયા. રાત્રિનો અંધકાર છવાયો,

એટલે વાતાવરણ શાન્ત બની ગયું. પ્રહરરાત્રિ વીત્યા પછી તો ધગધગતી ધૂણી આગળ કેવળ ધ્યાની સાધુ જ મસ્ત દશામાં અજપા જપતા એકાગ્ર બની રહ્યા.

આ મતવાલા સાધુને નિહાળવા માટે દિવસે ભેગા થયેલાં ટોળામાં તુલજારામ નામના એક બ્રાહ્મણે સંતનાં દર્શન કર્યાં. ત્યાર પછી તેણે એકાંતે બેસી શાન્તિથી વિચાર કર્યો. આવા સંત પુરુષનો સમાગમ પ્રાપ્ત થાય તો જીવન ધન્ય થઇ જાય. પરંતુ એક તરફ લોકોનાં ટોળાં ઉભરાય ત્યારે બીજી તરફ અબોલા લઇ અવધૂત ધ્યાનમાં બેસી રહે આવા સંજોગોમાં સમાગમનો અવસર ક્યાંથી પ્રાપ્ત થઇ શકે? ભલે ગમે તેમ થાય પરંતુ એ સંતનો સમાગમ તો જરૂર પ્રાપ્ત કરવો. બ્રાહ્મણે હૃદયમાં દૃઢ નિશ્ચય કરી લીધો. સાયંકાળે પણ તે સંતના સ્થાન આગળ જઇ નજર કરી આવ્યો. એની એજ મસ્ત દશા! સાધુને ખાવા–પીવાની કાંઇ પણ તમા નથી. તેથી નવાબી શાસનમાં ઠેકડીએ ચઢેલા સંતનું આગમન એક તમાસારૂપ બની ગયું હતું. એવા સાધુનો ભાવ પણ કોણ પૂછે? વિપ્રના હૃદયમાં વેદના પ્રગટી. ભૂખ્યા સંતને માટે પ્રસાદનો થાળ તૈયાર કરી રાત્રિના ભીષણ અંધકારને ભેદતો બ્રાહ્મણ મધ્ય રાત્રિએ સંતના સ્થાન પાસે આવી પહોંચ્યો. ધૂણી ધગધગી રહી હતી. તેના આછા પ્રકાશમાં જોયું તો અદ્યાપિપર્યંત એ ધ્યાની પુરુષ પોતાની મસ્ત દશામાં જ એકાકાર બની રહ્યા હતા.

ધ્યાની સદ્‌ગુરુને વિનયથી શિર નમાવી આશાભર્યા હૃદયે તુલજારામ પાસે બેસી ગયા. બ્રાહ્મણનો પ્રેમાનુરાગ સાચો હતો. એટલે તે ફળીભૂત થયા વિના રહે નહિ. ગોસ્વામી તુલસીદાસજી રામાયણમાં એક સ્થળે કહે છે:–



'જીન પર જાકા સત્ય સનેહુ,
મિલ હી આન પુનિ નાહિ સંદેહુ.'

'જેનામાં જેનો સાચો પ્રેમ હોય તે તે તેને જરૂર પ્રાપ્ત થાય એમાં કાંઇ સંશય જેવું નથી.' આખો દિવસ સંતનો સમાગમ પ્રાપ્ત કરવા અનેક અધીર બન્યા; પરંતુ એ ધ્યાની પુરુષે પોતાની અખંડ પ્રેમ સાધનામાંથી આંખો ખોલી નહિ, પરંતુ બડભાગી તુલજારામ તો સંતના આસન સમીપ આવીને બેઠો અને એક ઘટિકા જેટલા અલ્પ સમયમાંજ સંતે ધ્યાનમુક્ત થઇ આંખો ખોલી.

સંતને જાગ્રત બનેલા જોતાં જ બ્રાહ્મણે પ્રેમથી શિર નમાવ્યું. મધ્ય રાત્રિએ એ અટૂલા માનવીને પાસે બેઠેલો જોતાં સંત બોલ્યા. 'બ્રાહ્મણ! તમે આટલી મોડી રાત્રિએ અહીં શા માટે આવ્યા છો?' પોતે બ્રાહ્મણ છે એ રાત્રિના અંધકારમાં પણ સંતે જાણી લીધું? ચકિત થતાં તુલજારામે અંતરની આરત વ્યક્ત કરતા શબ્દો ઉચ્ચાર્યા. 'પ્રભુ! પતિતપાવન જાણીને આપના ચરણમાં આવ્યો છું. મને આપનો સેવક જાણીને મારી યાચનાં કબૂલ કરો!' બ્રાહ્મણે વાક્‌જાળમાં સંતને બાંધી દીધા. એટલે સંત કહેવા લાગ્યા 'બ્રાહ્મણ! તમારી શી અભિલાષા છે?' 'પ્રભુ!' મારા અંતરમાં એક જ ઇચ્છા છે અને તે એ કે, આપ બ્રાહ્મણના હાથની પ્રેમ પ્રસાદી ગ્રહણ કરો! આશા છે કે આપ મને નિરાશ તો નહિ જ કરો!' કહેતાં બ્રાહ્મણે પ્રસાદનો થાળ સંતના ચરણમાં ધર્યો. બ્રાહ્મણનો એ પ્રેમાગ્રહ જોતાં સંત ઘડીભર વિચારમગ્ન બની ગયા. કેમકે રાત્રિએ કદી પણ પોતે પ્રસાદ આરોગતા ન હોતા. પરંતુ બ્રાહ્મણના અનન્ય પ્રેમને તેઓ આજે અનાદર કરી શકવા શક્તિમાન ન હતા. એક તરફ

સેવકનો વિમળ પ્રેમ અને બીજી તરફ સંતનો ટેક, બંનેની તુલનામાં વિશુદ્ધ પ્રેમનો જ વિજય થયો.

પ્રેમાધીન સંતે પોતાનો ટેક ત્યજી વિપ્રનો પ્રેમપ્રસાદ ગ્રહણ કર્યો. સ્વસ્થ થઇ સદ્દગુરુ બિરાજ્યા એટલે પ્રેમાવેશમાં બ્રાહ્મણ બોલ્યો, પ્રભુ! આપ જેવા સંતપુરુષના દુર્લભ્ય દર્શન થયાં, મારો જન્મ સફળ થઇ ગયો. આજે મેં અલભ્ય સત્સંગ પ્રાપ્ત કર્યો!

બ્રાહ્મણના અંતરના ઊંડાણમાંથી નીકળેલા શબ્દો સદ્દગુરુના હૃદયમાં કરુણા જગાવી ગયા. એટલે પ્રેમાવેશમાં સદ્દગુરુ બોલ્યા:–

'તુલજારામ! તમે સાચે જ મહાભાગ્યશાળી છો. અમૃતસિદ્ધિના યોગમાં આપનું આગમન થયું છે. તો તમારા અંતરમાં જે અભિલાષા હોય તે મનવાંચ્છિત આજે માંગી લ્યો!' કૃપાનિધાન સદ્દગુરુ આજે એની ભવની ભાવઠ ભાંગવા તૈયાર થયા હતા. નવે નિધિ અને અષ્ટ સિદ્ધિ સહેજે પ્રાપ્ત કરી શકાય એવો યોગ હતો. પરંતુ નિર્મોહી તુલજારામને માયિક સંસારની માયા દુઃખદાયક લાગતી હતી એટલે શાંત ચિત્તે તે બોલ્યો, 'પ્રભુ! આપ મને સર્વ કાંઇ આપવા તૈયાર થયા છો, પરંતુ આ સંસાર મને નાશવંત અને દુઃખદાયક લાગે છે. માટે મારા ઉપર એવી કૃપા કરો કે હું પરમાનંદ પ્રભુના નામ અમીરસનું પાન કરવામાં ચકચૂર બની જાઉં.'

બ્રાહ્મણની આવી સાત્ત્વિક માગણી સાંભળી સદ્દગુરુ ઘડીભર અવાક્ બની ગયા. સંસારી જીવને કદી આવો મોકો પ્રાપ્ત થાય તો તે માયા સિવાય બીજુ કાંઇ માગે નહિ. ત્યારે



બ્રાહ્મણતો આવાગમનથી મુક્ત થવા ચાહતો હતો! પોતે જેને સર્વસ્વ આપવા તૈયાર થયા હતા એ વિપ્રની આવી સાત્ત્વિક ઇચ્છા તો જરૂર પરિપૂર્ણ કરવી જોઇએ. ઉદાર ચિત્ત સદ્દગુરુ અંતે વિપ્રની ભાવના પૂરી કરવા તૈયાર થયા. શુભ વરદાન આપતાં સંત બોલ્યા:–

'તુલજારામ! તમે જે રામરસનું પાન કરવા અધીર બન્યા છો એ નામ અમીરસમાં ચકચૂર બની તમે સાચે જ જન્મમરણથી મુક્ત થઇ જશો.' કહેતાં સંતે પોતાનો વરદ હસ્ત તેમના શિર ઉપર મૂકીને શુભાશિષ આપ્યા.

નાશવંત સંસારની મનોહારિણી માયાના દ્વંદ્વને ફગાવી ભીષણ રાત્રિએ બ્રાહ્મણ વિદાય થવા તૈયાર થયો.

'પ્રભુ મને વિદાય આપો! સાથે મને માર્ગ બતાવો કે મારે ક્યાં જઇ અખંડ શાંતિથી એ નામ અમીરસનું પાન કરવું?'

'તુલજારામ! ઉત્તરખંડ હિમાલયની ગિરિકંદરામાં જ્યાં અનેક યોગી મુનિઓ ધ્યાનમગ્ન બની અજપા જપી રહ્યા છે ત્યાં જઇ તમે નામ અમીરસનું પાન કરતાં ચકચૂર બની જાઓ! તમારો સર્વદા જય થઇ જશે!' કહેતાં સંતે વિદાય આપી. એટલે રાત્રિના ઘોર અંધકારને ભેદતા બ્રાહ્મણે એ જ ક્ષણે પ્રયાણ કર્યું. તેમણે હિમાલયના અંદરનાં પવિત્ર સ્થાનોમાં રહી સાધના કરી. પરિણામે તુલજારામને મનવાંછિત આત્મિક શાન્તિ પ્રાપ્ત થઇ. સંતકૃપાનું પરમ ફળ તેઓ પામ્યા.

સંત પુનિત મહારાજના

# પ્રેરક પ્રસંગ

## પુનિત પદરેણુ

પુનિત મહારાજના સમયમાં જુદા જુદા ભક્તો પૈસા લઈને ભજન કરતા. મહારાજને આ લીલામ જરાયે પસંદ ન હતું. વિના મુલ્યે ભજન કરવાનો તેમના ભજન મંડળનો નિર્ણય સૌએ હર્ષભેર વધાવી લીધો. પરંતુ 'મફત ભજનની કાંઈ કિંમત નહિ' એવું પાછળથી મંડળના સભ્યોને લાગવા માંડ્યું. અંબાલાલ ભગતે મહારાજને આ વાત કરી. એક ભાઈનું સૂચન હતું કે "જેને ત્યાં ભજન કરવા જઈએ એ પ્રેમથી જે કાંઈ ભેટ પ્રભુને અર્પણ કરે તે લઈ લેવી." મહારાજે તેનો વિરોધ કર્યો અને પ્રસ્તાવ મૂક્યો કે જે વ્યક્તિ પાંચ હજાર હરિનામ લખી આપે તેને ત્યાં ભજન કરવા જવું. સભ્યોએ આ વાત સહર્ષ સ્વીકારી લીધી.

"સેવા અને સ્મરણ બે જગમાં કરવાનાં છે કામ,
સેવા તો જન સેવા કરવી, લેવું રામનું નામ."

આ ઉક્તિ તેમના જીવનનો મહામંત્ર બની ગઈ. તે ઉક્તિને તેમણે પોતાના જીવનમાં સંપૂર્ણપણે ચરિતાર્થ કરી હતી. મહારાજે શ્રોતાઓ સમક્ષ પોતાને થયેલા ક્ષયરોગ અને છ માસમાં મૃત્યુની ડોક્ટરોએ કરેલી આગાહીની વાત કરી, પરંતુ પ્રભુનામને પ્રતાપે પોતે બચી ગયા તે સત્ય પ્રગટ કર્યું.

* * * * *



એક ભાવિક માણસને ત્યાં ભજન મંડળને આમંત્રણ મળ્યું. એ ભાઈએ પ્રેમથી બધાને આવકાર્યા, પરંતુ તેમના મોઢા પર ચિંતાની રેખા જોતાં મહારાજે તેમને એક બાજુએ બોલાવીને ચિંતાનું કારણ પૂછ્યું. તે ભાઈએ જણાવ્યું "પોતે પ્રસાદ તો ગજા પ્રમાણે લાવ્યો છે પરંતુ શ્રોતાઓની ભીડ જોતાં પ્રસાદ બધાંને પહોંચશે કે કેમ તેની શંકા છે." મહારાજે તેમને હિંમત આપી અને રણછોડરાયનું નામ લીધા પછી પ્રસાદ વહેંચવા જવું એવી સૂચના આપી. ભજનનો કાર્યક્રમ પૂરો થયા પછી પ્રભુનું નામ લઈને પ્રસાદ વહેંચતાં ઘણા શ્રોતાઓ હતા છતાં થોડોક પ્રસાદ વધ્યો.

મહારાજને મનમાં વિચાર આવ્યો કે કોઈ ગરીબ માણસ પૂરા પ્રેમથી ભજન કરાવવા માગતો હોય પરંતુ પ્રસાદ વહેંચી શકે તેમ ન હોય અને જો મંડળને આમંત્રણ ન આપી શકે તો આ પરિસ્થિતિ બરાબર નથી. મંડળ આગળ આ વાત મૂકી અને જો મંડળને બોજો લાગતો હોય તો પ્રસાદના પૈસા પોતે ખર્ચશે તેમ જણાવ્યું. તેથી કોઈ ગરીબ પ્રેમી ભક્તને ત્યાં મંડળ ભજન કરવા એવો નિર્ણય સૌ સભ્યોએ લીધો. મહારાજની વાતને સૌએ આ રીતે સહર્ષ સ્વીકારી લીધી.

"હરિના જન તો મુક્તિ ન માગે,
માગે જનમો જનમ અવતાર રે,
નિત્ય કથા, નિત્ય કીર્તન, ઓચ્છવ,
નીરખવા નંદકુમાર રે"

નરસિંહ મહેતાની માફક પુનિત મહારાજ (અભિનવ નરસૈયા)ને પણ ભોજન વિના ચાલે, ભજન વિના ન ચાલે એવી ભાવના જીવનમાં દૃઢ થઈ ગઈ હતી. તુકારામ પણ કહેતા

"હે વિઠ્ઠલ, તું મને ભોજન વિના રાખજે, પરંતુ મારો એક પણ દિવસ ભજન વિના ન જાય એવી કૃપા કરજે."

સામાન્ય રીતે કથાકારો અને ભજનિકોની કથામાં છેલ્લે આરતી ફેરવાય ત્યારે આરતીની થાળીમાં લોકો પૈસા મૂકે. પુનિત મહારાજે એવો નિયમ કર્યો કે ભજનોને અંતે પોતાના હાથની આશકા દ્વારા જ્યાં બેઠાં હોય ત્યાંથી જ બધાં આરતી લે.

* * * * *

પુનિત મહારાજને પ્રેમ દરવાજા પાસે આવેલા સરયૂદાસજીના મંદિરે કથા–પ્રવચનનું નિમંત્રણ મળ્યું. મહારાજે સહર્ષ તે સ્વીકારી લીધું. સવારે પ્રવચનમાં આવતા પ્રસંગો પર ભજનો એક કલાકમાં રચી દેતા. ચૈતન્ય ચરિત્રની ઘેરી અસર મહારાજના મન પર પડી હતી. દરેક ચાતુર્માસમાં મહારાજ મૌન રહેતા. માત્ર સવારે અને રાત્રે ભજન પૂરતું મૌન છોડતા. જરૂર પડે ન છૂટકે સ્લેટમાં લખતા.

સરયૂદાસના મંદિરમાં ચૈતન્ય આખ્યાન શરૂ થયું. મહારાજને ચૈતન્ય મહાપ્રભુ જેવી જ લગની લાગી હતી. ચૈતન્યના જીવનના પ્રસંગો વર્ણવતાં મહારાજ છૂટે મોંએ રડી પડતા. શ્રોતાઓનું પણ એવું જ થતું. સવારે ૮ થી ૯ કથા કરી તૈયબ એન્ડ કું. ની નોકરીએ પહોંચી જતા. નોકરી પણ એટલી જ ચોકસાઈપૂર્વક કરતા. રાત્રે નવ વાગ્યે ભજનમાં જતા ત્યારે પ્રભુ સ્મરણમાં એટલા જ તલ્લીન થઇ જતા.

રાત્રે દોઢ–બે વાગ્યે ભજન બંધ થતાં. ત્યાંથી ઘેર જઇ મહારાજ સૂઇ જતા. બારે માસ એક ટંક જમતા ત્રણચાર કલાકની ઊંઘ લઇ તેઓ બીજા દિવસની પ્રવૃત્તિ માટે તૈયાર



થઇ જતા. પરંતુ રોજના ઉજાગરાને લીધે મંડળના કેટલાક માણસો માંદા પડી ગયા હતા. તેથી મંગળદાસ માસ્તરે ભજન રાત્રે બાર વાગ્યે પૂરાં કરવા પ્રસ્તાવ મૂક્યો. મહારાજને વાત યોગ્ય લાગવાથી રાત્રે બાર વાગે ભજન પૂરું કરવાનો નિયમ કર્યો.

* * * * *

એકવાર ચૈતન્ય મહાપ્રભુનું આખ્યાન ચાલતું હતું. મહારાજ બરાબર રંગમાં હતા. શ્રોતાઓ પણ મંત્રમુગ્ધ બની કથા શ્રાવણ કરતા હતા. પરંતુ રાતના બાર વાગી જતાં મંગળદાસે પેટી બંધ કરી. મહારાજે કારણ પૂછતાં તેમણે કહ્યું કે 'નિયમ મુજબ બાર વાગી ગયા છે.' જેને ત્યાં ભજન હતું તે ભાઈએ આજે શનિવાર હોવાથી ભજન ચાલુ રાખવા દરખાસ્ત મૂકી, પરંતુ મહારાજે મંગળદાસની વાત કબૂલ કરી. મંગળદાસને લોકોએ સમજાવ્યા, છતાં માન્યા નહિ. મહારાજે તેમનો બચાવ કરતા કહ્યું. "ભજનમાં મોડી રાત સુધી જાગરણ થવાથી મંડળના અમુક અમુક માણસો વચમાં વચમાં આવવાનું માંડી વાળે પરંતુ પેટીવાળા અને ઢોલકવાળાને તે આવવું જ પડે. તેથી મારે તેમનો ખ્યાલ રાખવો પડે. અને નિયમને વળગી રહેવું પડે. બાકીનું આખ્યાન આવતી કાલે થશે."

મહારાજની વાત સાંભળી મંગળદાસ મીણ જેવા બની ગયા. પેટી ફરીથી ખોલી અને સવાર થાય તો પણ વાંધો નથી એમ જણાવી આખ્યાન ચાલુ રાખવા મહારાજને વિનંતિ કરી. પ્રેમથી મહારાજ સામા માણસને કેવી રીતે વશ કરી શકે છે તે નિરાળી રીત જોઇ શ્રોતાઓ મહારાજને ભક્તિભાવથી વંદી રહ્યા.

* * * * *

મહારાજ તૈયબ એન્ડ કંપનીમાં જોડાયા ત્યારથી જ કંપનીની ચડતી થઇ હતી. તેને કેલટેક્ષ અને વીમકોની એજન્સી મળી હતી. મહારાજનું ડ્રાફટીંગ સારું અને પત્ર–વ્યવહારની ભાષા પણ સચોટ. તેથી કંપનીઓ પર તેની સારી અસર પડતી. મહારાજની કામગીરી જોઇને તેમને સેલ્સમેનનું કામ સોંપ્યું. પણ પગારમાં વધારો કર્યો નહિ. છતાં મહારાજે કોઇ દિવસ પગાર વધારવા માટે માગણી કરી નહિ. ઈશ્વર પાસે તેમનાં ચરણોની સેવા સિવાય કદી કશું જ ન માગનારા મહારાજ કંપનીના શેઠ પાસે શા માટે માગે? ફરજમાં હંમેશાં તત્પર અને હક પ્રત્યે ઉદાસીનતા આજના જમાનામાં સાધારણ રીતે માણસનું વલણ આથી ઊલટું હોય છે. ફરજ પ્રત્યે બેદરકાર, હક પ્રત્યે હંમેશાં જાગ્રત.

* * * * *

ડાકોરની પદયાત્રાનો પહેલો પ્રવાસ શાહપુર માળીવાડાની પોળમાંથી શરૂ થયો. સવારે ચાર વાગ્યે પુનિત મહારાજ પૂજામાં બેઠા. ઈશ્વરલાલ શાસ્ત્રીએ પૂજન કરાવ્યું. મણિલાલ સખી (ભગતે) ચાંદીની મૂઠવાળી લાકડી મહારાજને ભેટ આપી. સારંગપુરના રણછોડરાયનાં દર્શન કરી સંઘ આગળ વધ્યો. જે ગામમાંથી સંઘ પસાર થતો ત્યાં ઉમળકાભેર સ્વાગત થતું. સંઘ રાત્રે જ્યાં રોકાય ત્યાં ભજનનો કાર્યક્રમ રખાતો. આમ આ પ્રવાસ સંસ્કૃતિનો દ્યોતક બની ગયો. લોકોમાં ભક્તિની ભાવના જાગૃત થતી. આમ પદયાત્રાઓ દ્વારા ધર્મરુચિ જગાડવાનો મહત્ત્વનો ભાગ તેઓએ ભજવ્યો છે.

(ક્રમશ:)



# હરિસ્મરણે મન રાખો

(ગાન)

હરિસ્મરણે મન રાખો,
અભિનવ આનંદ ચાખો.
જીવનનું બળ એ છે મોટું,
બીજું સઘળું છળ છે ખોટું,
ગંગાજળ છોડીને શાને,
મૃગજળમાં આળોટું?
હરિસ્મરણે મન રાખો,
અભિનવ આનંદ ચાખો.
પારસમણિ એ જગનો મોટો,
એ સાંપડતાં ના રહે તોટો,
એના આનંદનો નવ જોટો,
ફૂલચમનનો એ ગલગોટો.
હરિસ્મરણે મન રાખો,
અભિનવ આનંદ ચાખો.
હરિચરણે મન રાખો,
હરિશરણે મન રાખો.

મધુરમ્

## ચલ રે, સખી!

ચલ, રે સખી! વૃંદાવન.
જ્યાં નટખટ નટવર નંદનંદન
મુરલીધર મન–ભાવન.....ચલ, રે.....
જપ, તપ, દાને, ધ્યાને ન આવે,
કીકી કાળ નિકંદન;
ગોપી–સંગે લીલા કરે એ,
પ્રેમલ જગ–જીવન.....ચલ, રે.....
મોર–પિચ્છ શિર, મુરલી અધર પર,
વૈજન્તી મન–મોહન;
દર્શનથી સૌ દુરિત ટળે ને,
રાસે જીવન પાવન.....ચલ, રે.....
જ્યાં નટખટ નટવર નંદનંદન,
મુરલીધર મન–ભાવન;
ચલ, રે સખી! વૃંદાવન.....ચલ, રે.....

**રણજિત પટેલ (અનામી)**



# રામકથા

**યોગેશ્વરજી**

(ગતાંકથી ચાલુ)

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

લક્ષ્મણે કહ્યું : 'આવો લોકોત્તર ત્યાગ રામ વિના બીજા કોઇથી ભાગ્યે જ થઇ શકે એ સાચું છે, પરંતુ પોતે કોઇ ત્યાગ કર્યો છે એવું રામને લાગતું જ નથી. એ એમની વિશેષતા છે. વનનાં વિઘ્નો અને વનના વિપરીત વાતાવરણની વચ્ચે પણ એ રાજ્યસુખની વચ્ચે રહેતા હોય એવી પ્રસન્નતાપૂર્વક હસતાં હસતાં વાસ કરે છે. ખરેખર એમનું મન કોઇક જુદી જ પ્રકારનાં પરમાણુઓમાંથી બનેલું છે. અને સીતાનું પણ એવું જ સમજવાનું છે. સીતાના સંબંધમાં પણ એજ શબ્દો લાગુ પડે છે.'

લક્ષ્મણે થોડીવાર અટક્યા પછી પોતાની આગલી વાતના અનુસંધાનમાં આગળ ચલાવ્યું. 'જે રામ અને સીતા ચાંદી અને સુવર્ણનાં રત્નજડિત પાત્રોમાં ભાતભાતનાં ભોજન કરતાં ને કોઇવાર ભૂખ્યાં રહે છે તો કોઇવાર વૃક્ષોનાં પત્રોમાં પીરસેલું કંદમૂળ ને ફળફૂલનું ભોજન કરે છે, મણિમંડિત સુંદર પલંગો પર શયન કરતાં તે વનના ઘાસની પ્રાકૃતિક પથારી પર શયન કરે છે : વિવિધ પ્રકારનાં અલંકાર અને વસ્ત્રો પહેરતાં તે સાદાં વસ્ત્રો ધારણ કરે છે અને અસંખ્ય આરાધકો તથા પારવિનાના પરિચારકોથી વીંટળાઇને ફરતાં તે આજે પરિચાહકો વિના જ પ્રસન્નતાપૂર્વક વનમાં વિહાર કરે છે. એ જેવું તેવું આશ્ચર્ય છે?'

જટાયુએ આંખમાંથી ટપકવાની તૈયારી કરી રહેલાં આંસુને

લૂછતાં લૂછતાં કહ્યું. 'મનની એવી સ્થિરતા ને પ્રસન્નતા રામ જેવા મહાપુરુષ વિના બીજું કોઇ ના રાખી શકે. એ પોતાના મન અને પોતાની ઇન્દ્રિયોને જીતી ચૂકેલા છે. એટલા માટે જ વનમાં, નગરમાં ફરતા હોય તેવી રીતે આનંદપૂર્વક વિહાર કરી શકે છે. આવા દેવ દુર્લભ મહાપુરુષના દર્શનથી મારું જીવન ખરેખર ધન્ય બની ગયું. છતાં પણ વધારે ધન્યતા તો તમને છે લક્ષ્મણ! કારણકે રામ પ્રત્યેના પ્રેમને વશ થઇને, રાજ્ય સુખને ગૌણ ગણીને, રામ અને સીતાની સેવા માટે તમે કોઇ પણ જાતના વિશેષ કારણ વિના વનમાં એમની સાથે વસી રહ્યા છો!'

'રામ ને સીતા વનમાં વસવા માટે તૈયાર થયાં એથી વિશેષ કારણ એમની સાથે રહેવા માટેનું બીજું શું હોઇ શકે? તમે મને ધન્યતાનો અધિકારી ગણ્યો એ માટે તમારો આભારી છું ને તમને ધન્યવાદ આપું છે, પરંતુ તમને કદાચ ખબર નહિ હોય કે એ ધન્યતાની અધિકારિણી એક બીજી પણ છે. એની ઇચ્છા, અનુજ્ઞા અથવા સહાનુભૂતિ ના હોત તો રામ તથા સીતાની સેવાનો આ દેવ દુર્લભ અમુલખ અવસર મને ના મળી શકત. એટલા માટે તમે મને ધન્યવાદ આપો છો ત્યારે એ અસાધારણ સંસ્કાર સંપન્ન સ્ત્રીની મૂર્તિ મારી આંખ આગળ આવીને ઉભી રહે છે.'

'કોની?'

'ઊર્મિલાની. મારી પ્રિય પત્નીની.'

'એને તમે નથી ભૂલી શકતા?'

'ના. એને ભૂલી શકું એવો સંભવ પણ નથી. એને હું અહર્નિશ યાદ કરું છું.'

લક્ષ્મણના શ્રીમુખથી ઊર્મિલાના સ્નેહ અને સમર્પણ ભાવની વાત સાંભળીને જટાયુને અતિશય આનંદ થયો.

ઊર્મિલાને એણે મનોમન અંજલિ આપીને કહ્યું : "ઊર્મિલાનો ઇતિહાસ સાંભળીને મારો પ્રાણ અત્યંત પુલકિત બની ગયો. આવો અસાધારણ સ્નેહ અને સમર્પણ ભાવ સંસારમાં જવલ્લે જ જોવા મળે તેમ છે. ધન્ય છે ઊર્મિલા! તને અનેકાનેક ધન્યવાદ છે. તું પણ ઓછા યશની અધિકારિણી નથી જ. રામ, સીતા અને લક્ષ્મણ જીવનના વિશાળ રંગ મંચ પર આગળ આવ્યાં અને તેં પડદા પાછળ રહેવાનું પસંદ કર્યું. વિધિએ તને પડદા પાછળ રાખી. પરંતુ ત્યાં રહીને પણ તું તારું કાર્ય કરતી રહી ને કરી રહી છે. લક્ષ્મણને તેં પ્રેરણા પાઇ, તું પ્રેરણા પાઇ રહી છે, ને પ્રેરણા પાયા કરશે. અયોધ્યાના ઇતિહાસમાં તું અમર બની ગઇ. તને પણ જો જોઇ શક્યો હોત તો મને કેટલો બધો આનંદ થાત? પરંતુ આજે તો એવું ભાગ્ય નથી. એ ભાગ્ય તો જ્યારે મળે ત્યારે ખરું. આજે તો લક્ષ્મણના મુખથી તારી ગુણગાથા સાંભળીને સંતોષ મેળવ્યો ને ધન્ય બન્યો. લક્ષ્મણ તને અહર્નિશ અથવા ક્ષણે ક્ષણે યાદ કરે એ ઉચિત જ છે. તને યાદ નહિ કરે તો બીજા કોને કરશે?'

જટાયુની આંખ ભરાઇ આવી. લક્ષ્મણનું દિલ પણ દ્રવી ગયું.

જટાયુએ કહ્યું : 'લક્ષ્મણ, સ્ત્રી પડદા પાછળ રહીને પણ પુરુષના જીવનનું પ્રેરણા બળ બની ગઇ છે. એના વિના પુરુષ કેટલીક વાર નિસ્તેજ ને પ્રેરણાહીન બની જાય છે. સ્ત્રી સદ્‌બુદ્ધિથી સંપન્ન હોય તો પુરુષને સન્માર્ગે પ્રેરે અને દુર્બુદ્ધિથી યુક્ત હોય તો કુમાર્ગગામી પણ કરી દે. અનસૂયા સદ્‌બુદ્ધિથી સંપન્ન છે તો મહર્ષિ અત્રિના તપમાં સહાયક થાય છે, પરંતુ કૈકેયી દુર્બુદ્ધિથી યુક્ત બની તો મહારાજા દશરથને અમંગલ માર્ગે લઇ જઇને આખી અયોધ્યાપુરીને માટે આતંકનું કારણ બની બેઠી. ઊર્મિલા જેવી સંસ્કારી સ્ત્રી મેળવવા બદલ તને મારાં અંતરનાં અભિનંદન આપું છું.'

લક્ષ્મણે એ અભિનંદનનો મૌન રાખીને સ્વીકાર કર્યો.

પંચવટીના નિવાસના દિવસો એવા વિવિધ વાર્તાલાપોમાં આનંદપૂર્વક વીતી રહ્યા હતા.

# સંકલ્પ શક્તિ

કમલ સુથાર

સંકલ્પમાં પ્રબળ શક્તિ છે. પ્રબળ સંકલ્પ–શક્તિવડે મનુષ્ય અસંભવ કાર્યોને પણ સંભવ બનાવી શકે છે.

જે મનુષ્યનું જીવન ઊર્ધ્વગામી છે; જેની દૃષ્ટિ ઊર્ધ્વગામી છે; જેનું લક્ષ્ય ઊર્ધ્વ છે; પરમ છે. તેના બધાય સંકલ્પો વિશુદ્ધ અને કલ્યાણકારી હોય છે. શિવ–સંકલ્પથી મનુષ્ય પોતાનું જીવન પણ ધન્ય બનાવી શકે છે અને અન્યનું પણ.

ભક્ત પ્રહ્‌લાદનો દૃઢ સંકલ્પ હતો પ્રભુ–દર્શનનો. એ સંકલ્પને ભક્ત–પ્રહ્‌લાદ દૃઢતાથી વળગી રહ્યો. રામ–નામ એના જીવનનું અમૃત હતું. એના અસુર પિતા હિરણ્યકશ્યપે તેને રામનામ છોડાવવા અનેક પ્રયત્નો કર્યાં. તેના ઉપર અનેક પ્રકારના અમાનુષી અત્યાચારો ગુજાર્યા. પણ ભક્ત પ્રહ્‌લાદે

---

(પૃષ્ઠ ૫૯નું અનુસંધાન)

રામ જ્યારથી સીતા અને લક્ષ્મણ સાથે એ સુંદર સ્થળમાં રહેવા આવ્યા ત્યારથી એની સુંદરતા તથા શોભા વધી ગઇ. એ દૈવી પ્રદેશમાં રહેતા ઋષિમુનિઓ અને બીજા પ્રાણીઓને રામનો સહવાસ મહાન મંગલમય ઉત્સવરૂપ થઇ પડ્યો.

આશ્રમની આજુબાજુની ભૂમિને નવાં નવાં વૃક્ષો રોપીને અને ફૂલવાડી બનાવીને લક્ષ્મણે અત્યંત આકર્ષક અને રળિયામણી બનાવી દીધી. એ તીર્થરૂપ બનેલા પાવન પ્રદેશમાં કેટલોક કાળ વીતી ગયા પછી એક અદ્‌ભુત બનાવ બન્યો.

(ક્રમશઃ)



પોતાનો પ્રભુ–ભક્તિનો દૃઢ–સંકલ્પ ન છોડ્યો. અંતે જ્યારે તેના પ્રાણનાશ માટે તેને ધખધખતા ગરમ લોહસ્તંભે દઝાડવામાં આવ્યો ત્યારે સ્તંભ ફાટતાં તેમાંથી ભગવાન નૃસિંહ અવતર્યા ને અસુર હિરણ્યકશ્યપને પોતાના નખવડે હણ્યો. ભગવાને ભક્ત પ્રહ્‌લાદને બચાવ્યો. ભક્તનો જયજયકાર થયો. અસુરનો નાશ થયો. આ હતું પ્રભુભક્તિના દૃઢ–સંકલ્પનું પરિણામ.

મહાત્મા ગાંધીજીએ પોતાની સત્ય–અને અહિંસાની દૃઢ–સંકલ્પ શક્તિથી અંગ્રેજોના અનેક અમાનવીય અત્યાચારો સહી ભારતને સ્વતંત્રતા અપાવી. ને બ્રિટિશ સરકારને ઝૂકાવી. સત્ય અને અહિંસાની દૃઢ–સંકલ્પ શક્તિથી તે જગતમાં સૌના પૂજનીય મહાપુરુષ બન્યા.

પોતાની દૃઢ–સંકલ્પ શક્તિથી જગતમાં અમર બનેલા અનેક મહાપુરુષોનાં ઉદાહરણો આપણને જોવા મળે છે.

ફ્રાન્સમાં બ્લામોર નામનો એક પ્રસિદ્ધ ચિત્રકાર છે. તેના બન્ને હાથ નાનપણમાં કપાઇ ગયા હતા. પણ બ્લામોર હિંમત ન હાર્યો. તેનામાં કંઇક નવું કરવાની ધગશ, ઉત્સાહ, સખત પરિશ્રમ કરવાની તાકાત અને દૃઢ–સંકલ્પ શક્તિ હતાં. તેને ચિત્રકળામાં રસ હતો. તેણે મોઢાવડે પીંછી પકડીને ચિત્ર બનાવવાનો સતત અભ્યાસ કર્યો. દૃઢ સંકલ્પશક્તિ અને સતત અભ્યાસને પરિણામે તે તેમાં સફળ થયો. ને તે ફ્રાન્સનો સર્વશ્રેષ્ઠ ચિત્રકાર બન્યો.

મેરી હેલન–કેલર નાનપણથી અંધ હતી. તેનાં માતા–પિતા વૈભવ–સંપન્ન સજ્જન હતાં. અંધ હેલન–કેલરને ભણાવવા તેમણે અથગ પ્રયાસો કર્યા. હેલન–કેલરમાં પ્રબળ સંકલ્પ શક્તિ અને જન્મજાત પ્રતિભા શક્તિ હતી. એક બુદ્ધિવાન શિક્ષિકાની સહાયતાથી તે ભણી.

કોલેજ શિક્ષણ લીધું. એટલુંજ નહિ પણ તેણે "The story of my life"નામની પોતાની આત્મકથા લખી. ને પરમાત્માની દિવ્યશક્તિનો સાક્ષાત્કાર કર્યો. અંધ વિશ્વવિદ્યાલયની સ્થાપના કરી. ને બ્રેઈન લિપિમાં પુસ્તકો તૈયાર કરાવડાવી અંધજનોને તે મફત વહેંચવાની ઉમદા સેવા પ્રવૃત્તિ પણ શરૂ કરી. ને જગતમાં એક વિશ્વપ્રસિદ્ધ વિદુષી મહિલા તરીકે પ્રસિદ્ધ થઈ. આ છે દૃઢ સંકલ્પશક્તિનું શુભ ફળ.

ભક્તકવિ સૂરદાસ જન્મથી અંધ હતા. નાનપણથી જ તેમનામાં ભક્તિભાવ પ્રબળ હતો. કૃષ્ણભક્તિમાં તે લીન રહેતા. શ્રીકૃષ્ણદર્શન કરવાનો તેમનો દૃઢ સંકલ્પ હતો. આ સંકલ્પને પરિણામે તેમને પ્રભુદર્શન થયાં ને તેમણે કૃષ્ણની બાલલીલાનાં અનેક પદો રચ્યાં. હિન્દીમાં વ્રજભાષામાં તેમણે રચેલાં ઉમદાપદોનો સંગ્રહ છે "સૂરસાગર". જેને કારણે સૂરદાસ હિન્દીભાષાના શ્રેષ્ઠ ભક્તકવિ તરીકે અમર બન્યા.

મહાન વૈજ્ઞાનિક એડિસન નાનીવયથી બહેરા હતા. પણ નવું સંશોધન કરવાની તેમનામાં પ્રબળ ઇચ્છા હતી. ઉત્સાહપૂર્વક તે પોતાના સંશોધન કાર્યમાં લાગેલા રહ્યા. તેમણે અનેક સંશોધનો કર્યાં ને પોતાની દૃઢ સંકલ્પશક્તિને પરિણામે એક મહાન વૈજ્ઞાનિક તરીકે જગતમાં પ્રસિદ્ધ થયા.

દૃઢ સંકલ્પશક્તિથી મનુષ્ય નિરાશાનાં વાદળોને વિખેરીને પોતાના જીવનમાં સુખ–શાન્તિનું સામ્રાજ્ય સ્થાપી શકે છે. દૃઢ સંકલ્પશક્તિથી મનુષ્ય પોતાનું ઉમદા લક્ષ્ય; પરમ લક્ષ્ય, પરમાત્મ પ્રાપ્તિનું લક્ષ્ય સહેલાઈથી સિદ્ધ કરી શકે છે. જીવનને અમૃતમય બનાવી શકે છે.



# નામજપ યજ્ઞનું બિલિપત્ર

શિબિરાર્થી

### (૧) શ્રમયજ્ઞ

અંબાજી ખાતેના નવરાત્રિના નામજપ યજ્ઞના કાર્યક્રમમાં સાધકો માટે સાંજે શ્રમયજ્ઞ પણ રાખવામાં આવ્યો છે. આ યજ્ઞ લગભગ પોણા કલાકનો છે. તેમાં સાધકો હારબંધ બે લાઈનમાં ગોઠવાઈ જાય છે. એક બાજુથી માટીનાં ભરેલાં તગારાં નીચાણવાળા ભાગમાં ઠલવાય છે, તો બીજી તરફથી ખાલી તગારાં પાછાં ખોદાણના સ્થળોએ પહોંચી જાય છે.

બે યુવાનો ટેકરો ઉતારવાનું કામ કરે છે. તેની માટી ભરવાનું કામ બીજા બે ભાઈ કરતા હોય છે. શ્રમયજ્ઞમાં સહુ જોડાય છે. પૂ. મા પણ ટેકરો ખોદવાનું કામ કરે છે. બે હજાર જેટલા ઉપવાસો છતાં પૂ. મા કેવળ મનોબળથીજ આ શ્રમનું કામ કરે છે. બાકી એમનું શરીર તો ઘણું નબળું પડી ગયેલું છે. એટલે શિબિરાર્થીઓ પૂ. માને આવો પરિશ્રમ ન કરવા વિનંતી કરે છે. આમ છતાં તેઓ થોડું ખોદાણ તો કરે જ છે. શિબિરાર્થીઓ સાથે પૂ. મા આ રીતે ભળી જાય છે ને તેઓને ઉત્સાહિત કરતાં રહે છે.

### (૨) જન્મદિનની ઉજવણી

શ્રમયજ્ઞ પછી પૂ. મા કંઈક કહે છે. આજે એક સરસ કાર્યક્રમ છે. સ્વર્ગારોહણની આસપાસ રહેતાં બાળકોમાં પ્રસાદ

વહેંચી, શ્રી બાલુભાઇ એમનામાં સ્વચ્છતા ને પ્રભુના નામજપના સંસ્કારો સીંચી રહ્યા છે. તેવા લગભગ પંદરવીસ બાળકો આવીને બેઠાં છે.

કેનેડાના ધર્મપ્રેમી સાધક શ્રી નરેન્દ્રભાઇ મિસ્ત્રીના પુત્ર ધર્મેશનો આજે જન્મદિન છે. એ નિમિત્તે શ્રી બાલુભાઇ પૂ. માની સૂચના અનુસાર દાંત ને મોંઢુ સાફ રાખવાના આ બાળકોના પ્રશિક્ષણરૂપે તેમને ટુથ–પેસ્ટ બ્રશ અને ઉલિયાં તથા પ્રસાદ આપે છે. જે બાળકો નિયમિત રીતે દર રવિવારની ધૂનમાં ભાગ લે છે ને શાળામાં જાય છે તેમને આ વસ્તુઓ ભેટ મળે છે. આથી બીજાં બાળકોને પણ શાળાએ જવાની પ્રેરણા મળે છે.

શ્રી નરેન્દ્રભાઇ મિસ્ત્રીને કલ્પના પણ નહિ હોય કે એમના પુત્રના જન્મદિને અંબાજીના આદિવાસી બાળકોને ભેટ આપી પૂ. મા એ નિર્દોષ બાળકોના આનંદના આશિર્વાદ એમનાં પુત્રને આ રીતે મેળવી આપશે.

### (૩) પ્રસાદ

આ પછી શ્રી જયાબેન પટેલ તરફથી શિબિરાર્થીઓને પણ ફરાળી ચેવડો, વેફર અને પેંડાનો પ્રસાદ મળે છે. આ પ્રસાદ જ એટલો હોય છે કે સાંજના ભોજનની ભાગ્યે જરૂર રહે. તા. ૧૫ મી ઓગસ્ટની શિબિરમાં શ્રી જયાબેનની એક દિવસ ભોજન આપવાની ઇચ્છા હોય છે. પરંતુ તે શક્ય બનતું નથી. તેથી તેઓ આ તક ઝડપી લે છે. જેને ભાવના છે તેને અનુરૂપ પ્રસંગ પણ મળી જ રહે છે. શ્રી બાલુભાઇ બધી વ્યવસ્થા ગોઠવી આપે છે.


**નૂતન વર્ષનાં વધામણાં**

**ઇન્દિરા વિકાસપત્ર-૫ વર્ષે બમણાં**

* આપના સ્વજનો સગાંસંબંધીઓ, સહુ કોઇ મિત્ર-મંડળને દિવાળી-નૂતન વર્ષે, શુભ પ્રસંગોએ શુભેચ્છાઓ પાઠવો: ઇન્દિરા વિકાસપત્રની ભેટ સાથે.
* આ તો ભેટની ભેટ, બચતની બચત.
* ભેટ-સોગાદનાં વધામણાં: પાંચ વર્ષે બમણાં: વાર્ષિક ૧૪.૮૭% ચક્રવૃદ્ધિ વ્યાજ એટલે વાર્ષિક ૨૦% સાદું વ્યાજ ઉપજે.
* રૂા. ૧૦૦ ઉપરાંત રૂા. ૨૫૦ રૂા. ૫૦૦ તથા રૂા. ૨,૫૦૦માં ખરીદો ઇન્દિરા વિકાસપત્ર પાંચ વર્ષે બમણાં.
* સંસ્થાઓ, ગ્રામજનો, નાગરિકો, ટ્રસ્ટો: સૌને માટે રોકાણની અમૂલ્ય તક.
* કોઇપણ ખરીદે, કોઇપણ વટાવે.

● નાણાંનુ રોકાણ : સંપૂર્ણ સુરક્ષિત ●

ગવર્નમેન્ટ સેવિંગ્ઝ સર્ટિફિકેટસ એક્ટ, ૧૯૫૯ (૧૯૫૯નો ૪૬મો). હેઠળ ઇન્દિરા વિકાસપત્રના નિયમો અધિકૃત થયેલ હોઇ, યોજનામાં નાણાંનું રોકાણ સંપૂર્ણ સુરક્ષિત છે.

- અધિક મુખ્ય સચિવ,
નાણા વિભાગ, ગુજરાત રાજ્ય.



જ્યોતથી જ્યોત જલે
બચતના લાભ મળે

ADHYATMA Regd. No. GBV 113

## * પ્રાર્થના સાથે અનશન *

રામકૃષ્ણ પરમહંસદેવ જગદંબાના દર્શન માટે પ્રેમપૂર્ણ પ્રાર્થના કરતા. એ પ્રાર્થનાની પરાકાષ્ટાની પળો દરમ્યાન એમનું મન આહાર, વિહાર, વાર્તાલાપ ને નિદ્રા પરથી ઉપરામ થઇ જતું. દિવસ તથા રાત કયાં ને કેવી રીતે વીતતાં તેનો તેમને ખ્યાલ પણ નહોતો રહેતો. કોઇ વાર એ ભોજન કરતા તો કોઈ વાર કરી જ ન શકતા. એમને થતું કે માના દર્શન વિના શરીરને પોષવાનો શો અર્થ અને દર્શન માટે પણ કયાં સુધી પોષવું ?

સાધનાત્મક જીવનમાં એવી દશા આવી શકે છે. એવી દશા જીવન વિકાસના કલ્યાણ કાર્યમાં સાધક બનતી હોય તો તેનું સપ્રેમ સાદર સ્વાગત કરાવું જોઈએ.

ધ્યેય સિદ્ધિને માટે પ્રાર્થનાની સાથે સાથે કરાતા ઉપવાસની પાછળ પવિત્ર ને પ્રબળ પરમાત્મા પ્રેમ હોય છે, શ્રદ્ધાનું પીઠબળ તો એને પ્રાપ્ત હોય છે જ. એવી સાધનામાં ધીરજ ને હિંમત તથા તિતિક્ષા પણ અનિવાર્ય હોય છે.

એ બધાં પૂરક પરિબળોની સાથે કરાતા ઉપવાસ સાથેની પ્રાર્થના અમોઘ ઠરે છે ને ધાર્યા કરતાં વહેલી સફળ બને છે.

તો પણ પ્રાર્થનાની સાધનામાં અનશન અનિવાર્ય જ છે એવું નથી. પ્રાર્થનાની સાધના સંપૂર્ણ જ છે. એ સઘળા હેતુઓને સિદ્ધ કરે છે. એની આવશ્યકતા અથવા અનાવશ્યકતા સંબંધી સાધકે સ્વયં નિર્ણય કરી લેવો જોઈએ. એવો નિર્ણય સહેલાઇથી ના કરી શકાય તો અન્ય સ્વાનુભવ સંપન્ન સંત પુરુષનું અથવા અંતઃસ્થ આત્માનું મંગલ માર્ગદર્શન માગવું જોઈએ.

યોગેશ્વરજી